


પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૩-૦૩-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૮૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11



| સેન્સેક્સ | નિફ્ટી | બેંક નિફ્ટી |
|---|---|---|
| ૭૨,૭૦૦ | ૨૨.૫૨૫ | ૫૧,૭૧૬ |
| -૧૮૨૦ | -૬૦૦ | -૧૭૦૦ |
| **ગોલ્ડ** | **ચાંદી** | **રુપયો** |
| ૧,૩૫,૧૪૧ | ૨,૩૦,૦૦૦ | ૯૪.૧૪ |

## મધ્ય પૂર્વ યુદ્ધની આગથી તમામ બજારો પાણી-પાણી

# શેરબજાર, સોના-ચાંદી તથા રૂપિયો ફરી ધરાશાયી

### ઉઘરતા બજારે સેન્સેક્સ ૧૮૦૦ પોઈન્ટ ગગડયો

### સોનુ ૩ ટકા ગગડયું : ચાંદીમાં ૧૩૦૦૦નું ગાબડું

મુંબઈ, તા. ૨૩

મધ્ય પૂર્વમાં વધુને વધુ ભયાનક બની રહેલા યુધ્ધને કારણે શેરબજારથી માંડીને કરન્સી સોના-ચાંદી, ક્રુડ સહિતના માર્કેટમાં ગંભીર અસર વધુ તીવ્ર બનવા લાગી હોય તેમ આજે વધુ કડાકા સર્જાયા હતા. સેન્સેક્સ પ્રારંભીક કામકાજમાં ૧૮૦૦ પોઈન્ટ ગગડ્યો હતો. ડોલર સામે રૂપિયો ૯૪ના માર્ગે હોય તેમ ૯૩.૯૨ના સ્તરે પહોંચી ગયો હતો. ક્રુડ ૧૧૩ ડોલર હતું જ્યારે સોના-ચાંદીમાં વધુ કડાકા સર્જાયા હતા. અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે ઈરાનને ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે જે આજે પૂર્ણ થઈ રહ્યું છે તે પૂર્વે ઈરાને વળતી ધમકી આપીને એવી ચેતવણી આપી છે કે અમેરિકા કોઈ હુમલો કરશે તો હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણ બંધ કરી દેવામાં આવશે. આ સિવાય ઈઝરાયેલે ઈરાનના રહેણાંક વિસ્તારોમાં હુમલા ચાલુ કરતાં તેનો પણ ગભરાટ હતો. વિદેશી નાણાં સંસ્થાઓની જંગી વેચવાલી માર્કેટ માટે નવા કોઈ પોઝીટીવ કારણોની ગેરહાજરી, કોર્પોરેટ જગત પર પણ ગેસ સહિતના કારણે તીવ્ર અસર વર્તાવાનું શરુ થયાના સંકેત સહિતના કારણોસર માર્કેટ સડસડાટ કરતું નીચું ઉતરતું રહયું હતું. જાણીતા શેર બ્રોકરોના કહેવા પ્રમાણે હોર્મુઝ સ્ટ્રેટ મામલે આજે હાકલા-પડકારા થયા હોવાથી આજનો દિવસ નિર્ણાયક સાબિત થઈ શકે તેમ હોવાના કારણે માર્કેટમાં અસર વધુ ગંભીર હોવાનું જણાઈ રહ્યું છે.મુંબઈ શેરબજારનો સેન્સેક્સ ૧૮૦૦ પોઈન્ટના કડાકાથી ૭૨૭૩૨ થયો હતો, જે ઉંચામાં ૭૩૭૩૨ તથા નીચામાં ૭૨૬૯૦ થયો હતો. નીફ્ટી ૫૮૨ પોઈન્ટના ગાબડાથી ૨૨૫૪૮ હતો જે ઉંચામાં ૨૨૮૫૧ તથા નીચામાં ૨૨૫૨૯ હતો. બીજી તરફ સોના-ચાંદીમાં પણ જોરદાર કડાકા સર્જાયા હતા. પ્રારંભીક કામકાજમાં સોનુ ૩ ટકા ગગડી ગયું હતું અને વિશ્ર્વ બજારમાં ૧૨૦ ડોલરના ઘટાડાથી ૪૩૬૮ ડોલર સાંપડ્યું હતું. સોનુ વાયદામાં ૬૭૦૦ રૂપિયા ઘટીને ૧૩૭૮૦૦ હતું. ચાંદી ૧૨૫૦૦ ઘટીને ૨૧૪૨૦૦ હતું જે નીચામાં ૨૧૧૭૩૦ થઈ હતી. કરન્સી માર્કેટમાં પણ દબાણ ચાલુ જ રહ્યું હતું અને અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો વધુ ૨૦ પૈસાના કડાકાથી ૯૩.૯૨ સાંપડ્યો હતો. નબળા રૂપિયાના કારણે ભારતને મોંઘવારી મોરચે પણ મોટો માર પડવાની આશંકા વ્યકત થઈ રહી છે. ક્રુડ તેલમાં તેજી ચાલુ હતી. ડબલ્યુટીઆઈ ક્રુડ ૯૮.૮૭ ડોલર તથા બ્રેન્ટ ક્રુડ ૧૨.૭૧ ડોલર સાંપડ્યું હતું.

# તાકાતથી જ શાંતિ મળશે : ટ્રમ્પ

### યુદ્ધ હવે ખતરનાક વળાંક પર : હોર્મુઝ ખોલાવવા અમેરિકા ભયાનક હુમલો કરશે

તેલઅવીવ, તા. ૨૩

ઈરાન સામેના યુદ્ધના ચોથા સપ્તાહમાં પણ ૧૦૦૦૦ અણુ બોમ્બ મારા તથા મિસાઈલ ડ્રોન એટેક છતા પણ ઈરાનને ચુકવવામાં નિષ્ફળ રહેવા અમેરિકા-ઈઝરાયેલે હવે યુદ્ધનો વ્યુહ બદલ્યો હોય તેમ ઈરાનના વિજ ઈન્ફ્રાસ્ટ્રકચર પર હુમલો કરી તેને તોડી પાડવા જે ધમકી આપી છે તે વચ્ચે ઈઝરાયેલે હવે પ્રથમ વખત ઈરાનના નાગરિક વિસ્તારોમાં બોમ્બમારો કરતા યુદ્ધ હવે વધુ ખતરનાક વળાંક પર પહોંચ્યુ છે .

અને ઈરાને પણ આ પ્રકારના હુમલાનો તેવો જ જવાબ અપાશે તેવી ચેતવણી આપી છે. અત્યાર સુધી ઈઝરાયેલ આ પ્રકારના હુમલાથી દુર રહ્યું હતું અને ઈરાનના લશ્કરી-મિસાઈલ અણુ મથકોને જ નિશાન બનાવતુ હતું પણ હવે ઈઝરાયેલ દળોએ ઉત્તરીય ઈરાનમાં ઉર્મીઓમાં નાગરિક-રહેણાંક ક્ષેત્રને નિશાન બનાવ્યા છે અને અહી બોમ્બ ઝીકતા અનેક ઈમારતોનો ધ્વંશ થયો હતો.

બચાવદળ લોકોને કાટમાળમાંથી ઉગારતા અને રાહત છાવણીમાં લઈ જતા દર્શાવાયા હતા. અમેરિકા અને ઈઝરાયેલના દબાણ આ ઉપરાંત પર્સીયત ગલ્ફ સેન્ટ્રલ બ્રોડકાસ્ટીંગ કંપની દ્વારા ૧૦૦ કિલોવોટની એ.એમ.ટ્રાન્સમીટર લાઈનનો ઉપયોગ થાય છે તે બંદાર અબ્બાસના દક્ષિણી પોર્ટ પર હુમલો કર્યો છે. જો કે આ ક્ષેત્રનું પ્રસારણ ચાલુ જ રહ્યુ છે. ઈઝરાયેલે વ્યાપક રીતે તહેરાન સહિતના ક્ષેત્રો પર હુમલા કર્યા છે અને તહેરાન પણ વિસ્ફોટકોથી ગાજી ઉઠયું હતું.

આમ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના હોર્મુઝ અંગેના ૪૮ કલાકના અલ્ટીમેટમના અંત પુર્વે જ જણાવ્યું હતું કે તાકાતથી જ શાંતિ હાંસલ કરી શકાશે. આ તાકાતના હળવી રીતે ઉપયોગ કરાશે. આમ હવે ૪૮ કલાકનું અલ્ટીમેટમ પુરુ થતા અમેરિકા કઈ રીતે હુમલો કરે છે તેના પર સૌની નજર છે.

# ઈરાને ઈઝરાયેલના શહેરો પર કલસ્ટર બોમ્બ ઝીંકયા

### ઈઝરાયેલે તેહરાન પર વળતો હુમલો કર્યો

નવી દિલ્હી, તા. ૨૩

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે ૨૪મો દિવસ છે. ઈરાને રવિવારે ઈઝરાયલમાં રાજધાની તેલ અવીવ સહિતના ઘણા શહેરો પર ક્લસ્ટર બોમ્બ ફેંક્યા.આ હુમલામાં લગભગ ૧૫ લોકો ઘાયલ થયા, જેમાં એકની હાલત ગંભીર છે. ઘણા ઘરો અને રસ્તાઓને પણ નુકસાન થયું. આ પછી ઈઝરાયલે પણ સોમવારે ઈરાનની રાજધાની તેહરાનમાં મિસાઈલ હુમલા કર્યા.આ દરમિયાન, અમેરિકામાં ઈઝરાયલના રાજદૂત યેચિએલ લિટરએ જણાવ્યું હતું કે ઈઝરાયલ તેની સૈન્ય કાર્યવાહી ત્યાં સુધી ચાલુ રાખશે જ્યાં સુધી ઈરાનને 'ઘૂંટણિયે' ન લાવી દેવાય. ઈઝરાયલ હવે એવા દેશ સાથે રહી શકતું નથી જે તેના પર સતત હુમલા કરી રહ્યું છે.

બીજી તરફ, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજેશકિયાનએ કહ્યું છે કે કોઈપણ હુમલાનો જવાબ મેદાનમાં આપવામાં આવશે. જો ઈરાનના પરમાણુ સ્થળોને નિશાન બનાવવામાં આવશે, તો તે હોર્મુઝ સ્ટ્રેટને બંધ કરી શકે છે, જેનાથી વૈશ્વિક તેલ પુરવઠા પર મોટી અસર પડશે.

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે આજે એશિયન બજારોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ટ્રમ્પે ઈરાનને ૪૮ કલાકમાં હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાનું અલ્ટીમેટમ આપ્યું છે, ત્યારબાદ બંને તરફથી હુમલા અને વળતા હુમલાની ધમકીઓ આપવામાં આવી રહી છે. આનાથી ડર છે કે યુદ્ધ વધુ લાંબુ ચાલી શકે છે.

આ ડરને કારણે એશિયાના ઘણા મોટા શેરબજારો ગગડી ગયા. હોંગકોંગના હેંગ સેંગ ઈન્ડેક્સમાં લગભગ ૩.૩%નો ઘટાડો થયો, જ્યારે ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ પણ લગભગ ૨.૩% નીચે ગયો.

અનુસંધાન પાના ૭ પર

# વડાપ્રધાન મોદીએ ૮૯૩૦ દિવસ શાસનમાં રહેવાનો રેકોર્ડ બનાવ્યો

### ભારતીય રાજનીતિમાં સૌથી વધુ સમય સુધી સરકારમાં રહેનાર મુખ્ય નેતા બન્યા મોદી

નવી દિલ્હી, તા. ૨૩

વડાપ્રધાન મોદીએ ભારતીય રાજનીતિમાં એક ઐતિહાસિક રેકોર્ડ સ્થાપિત કર્યો છે. મુખ્યમંત્રી અને વડાપ્રધાન બન્ને પદને મેળવીને તે દેશમાં સૌથી લાંબો સમય સરકારમાં મુખ્ય રહેનાર નેતા બની ગયા છે.

વડાપ્રધાન મોદીએ સિકકીમના પુર્વ મુખ્યમંત્રી પવનકુમાર ચામલીંગના ૮૯૩૦ દિવસના રેકોર્ડને પાછળ રાખીને આ ગૌરવ હાંસલ કર્યું છે. પોતાની રાજનીતિક કેરિયરના ૨૫ વર્ષમાં તેમણે ૧૪ વર્ષથી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને છેલ્લા ૧૧ વર્ષમાં વડાપ્રધાન તરીકે કામ કર્યું છે. વડાપ્રધાન તરીકે તેમનો ત્રીજો કાર્યકાળ છે.ગુજરાતમાં સૌથી લાંબા સમય સુધી સેવા કરનાર મુખ્યમંત્રીઃ મોદી સ્વતંત્રતા બાદ જન્મેલા ભારતના પ્રથમ વડાપ્રધાન છે.તેમનો જન્મ ૧૯૫૦માં ૧૭ સપ્ટેમ્બરે થયો હતો. મોદીએ ૭ ઓકટોબર ૨૦૦૧માં ગુજરાતના સીએમ તરીકે પહેલીવાર શપથ લીધા હતા. ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨માં પણ તેઓ સીએમ તરીકે ચુંટાયા હતા. મોદી ગુજરાતના લાંબા સમય સુધી સીએમ રહેનાર નેતા બની ચૂકયા છે, જેમની પાસે મુખ્યમંત્રી તરીકે સૌથી વધુ અનુભવ છે.મોદીએ શુભેચ્છા પાઠવતા ભાજપના નેતાઓઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે મોદીજી દાયકાઓની સેવાઓએ એક નવા યુગને જન્મ આપ્યો છે, પછી તે ગરીબોને તેમનો અધિકાર અપાવવાનો હોય કે વિકાસમાં નવા મુકામ હાંસલ કરવાનો હોય કે વૈશ્વિક મંચો પર દેશનું ગૌરવ વધારવાનું હોય, મોદી યુગે ભારતને બદલી નાખ્યું છે.

# કરકસર માટે ૧૦ કિલોનો ગેસ સિલીન્ડર વિચારણા હેઠળ

### તેલ કંપનીઓએ સ્કીમ તૈયાર કરી પણ આખરી નિર્ણય સરકાર કરશે

નવી દિલ્હી, તા. ૨૩

મધ્ય પૂર્વમાં ભીષણ યુધ્ધને કારણે પેટ્રોલીયમ ખાસ કરીને રાંધણ ગેસમાં કટોકટીની હાલત સર્જાઈ છે ત્યારે વધુ લોકોને ગેસ આપી શકાય તે માટે ૧૪.૨ કિલોના સિલીન્ડરમાં ૧૦ કિલો જ ગેસ સપ્લાય કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

પેટ્રોલીયમ કંપનીઓના સૂત્રોએ કહ્યું કે રાંધણ ગેસના વપરાશમાં કરકસર તથા વધુ પરિવારોને ગેસ આપી શકાય તેવાં ઉદેશ છે. ૧૪.૨૦ કિલોનું રાંધણ ગેસ સિલીન્ડર સામાન્ય પરિવારમાં સરેરાશ ૩૫થી ૪૦ દિવસ ચાલતું હોય છે.

૧૦ કિલો જ ગેસ આપવામાં આવે તો પરિવારો વધુ કરકસર કરે અને એક મહિના સુધી સિલીન્ડર ચાલી શકે. એલપીજીની સપ્લાય ચિંતાજનક છે જ ત્યારે ૧૦ કિલોના સિલીન્ડર વધુ પરિવારો સુધી પહોંચી શકે. આ આયોજનને આખરી નિર્ણય થવાના સંજોગોમાં ૧૦.૨ કિલોના સિલીન્ડરમાં ૧૦ કિલો જ ગેસ હોવાના સ્ટીકલ લગાવવામાં આવશે. આ માટે

અનુસંધાન પાના ૭ પર

# યુદ્ધ વચ્ચે ઓઈલ-ગેસની ઈરાનને રેકોર્ડ બ્રેક કમાણી

### ખાડી દેશોનું ઉત્પાદન ૭૦ ટકા સુધી ઘટયું અને ઈરાન માલામાલ

નવી દિલ્હી, તા. ૨૩

અમેરિકા-ઈઝરાયલ સાથેના યુદ્ધને ઈરાને એક તકમાં બદલી નાખ્યું છે. અમેરિકાએ ખાર્ગ આઈલેન્ડ નજીક સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા, પરંતુ વૈશ્વિક ઓઈલ સંકટના ડરથી ઓઈલ ટર્મિનલને સીધું નિશાન બનાવ્યું ન હતું. આનો ફાયદો ઉઠાવતા ઈરાને ખાર્ગ ટર્મિનલ ચાલુ રાખ્યું અને 'ઘોસ્ટ ફ્લીટ' દ્વારા ચીનને સપ્લાય ચાલુ રાખી છે.ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી અને S&P ગ્લોબલ અનુસાર, ઈરાન દરરોજ ૧.૭ થી ૨ મિલિયન (૧૭ થી ૨૦ લાખ) બેરલ ઓઈલની નિકાસ કરી રહ્યું છે. દેશના લગભગ ૯૦% ઓઈલની નિકાસ હજુ પણ ખાર્ગ ટર્મિનલથી થઈ રહી છે.સાઉથ પારસ ગેસ ફિલ્ડ પરના હુમલાથી નિકાસ પ્રભાવિત થઈ, પરંતુ ગેસ સપ્લાય સંપૂર્ણપણે બંધ થઈ ન હતી. રિપોર્ટ છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા વિદેશી જહાજો પાસેથી ઈરાન પ્રતિ જહાજ લગભગ ૧૬.૫ કરોડ રૂપિયા 'વોર ટેક્સ' પણ વસૂલી રહ્યું છે.ઈરાનની હોર્મુઝ સ્ટ્રેટ પર પકડ અને સતત હુમલાઓને કારણે સાઉદી અરેબિયા, કતાર, ઈરાક, કુવૈત અને યુએઈ જેવા ખાડી દેશોનો પુરવઠો પ્રભાવિત થયો છે. સુરક્ષિત દરિયાઈ માર્ગોની અછત, વધતા હુમલાઓ અને લોજિસ્ટિક્સની મુશ્કેલીઓને કારણે આ દેશોનું કુલ ઉત્પાદન ૭૦% સુધી ઘટી ગયું છે.મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધની સૌથી સીધી અસર ક્રૂડ ઓઈલ પર પડી છે. શુક્રવારે બ્રેન્ટ ક્રૂડ ૩.૨૬% ના ઉછાળા સાથે ૧૧૨.૧૯ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું, જે જુલાઈ ૨૦૨૨ પછીનું સૌથી ઉચ્ચતમ સ્તર છે.જો ઓઈલની કિંમતો ૧૦૦ ડોલરથી ઉપર રહેશે, તો તેનાથી ભારતમાં મોંઘવારી વધશે જે બજાર માટે સારું નથી.

# યુદ્ધની આગ ટફન ગ્લાસ ઉદ્યોગ સુધી પહોંચી : ભાવમાં ત્રણ ગણો વધારો

### ગેસ અને કાચા માલની અછતના કારણે ભાવો આસમાને

નવી દિલ્હી, તા. ૨૩

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓની અસર હવે બાંધકામ ક્ષેત્રના વ્યવસાયો પર પડી રહી છે. ખાસ કરીને ટફન ગ્લાસ વ્યવસાયને સીધી અસર થઈ છે. વાણિજ્યિક સિલિન્ડરોની અછત અને કાચા માલના વધતા ભાવને કારણે ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે. આનાથી વ્યવસાયોને વૈકલ્પિક વ્યવસ્થાઓનો આશરો લેવાની ફરજ પડી છે.

ટફન ગ્લાસના જથ્થાબંધ વેપારી સચિન ચૌબેના જણાવ્યા અનુસાર, યુદ્ધ પહેલા સાદા કાચની કિંમત પ્રતિ ફૂટ આશરે ૧૨૦ રૂપિયા હતી, પરંતુ હવે ટફન ગ્લાસની કિંમત ૨૮૦ થી ૩૨૦ રૂપિયા પ્રતિ ફૂટ થઈ ગઈ છે. ભાવમાં આ અચાનક વધારાને કારણે ગ્રાહકોની માંગમાં પણ ઘટાડો થઈ રહ્યો છે.

ટફન ગ્લાસના ઉદ્યોગકારોનું કહેવું છે કે જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો ભવિષ્યમાં આ વ્યવસાય પર વધુ અસર પડી શકે છે. ટફન ગ્લાસનો ઉપયોગ ઘર અને ઓફિસના બાંધકામ, વાહનના કાચ અને ઈન્ટીરિયર વર્ક માં સૌથી વધુ થાય છે.

મોટાભાગની ટફન ગ્લાસ સામગ્રી દક્ષિણ ભારતમાંથી આવે છે. કોમર્શિયલ ગેસનો ઉપયોગ કરીને ભઠ્ઠીમાં ઊંચા તાપમાને ગરમ કરીને સાદા કાચને

અનુસંધાન પાના ૭ પર

# નાટો ચીફે અમેરિકાના ઈરાન પરના હુમલાનું સમર્થન કર્યું

### ઈરાનના વૈશ્વિક ખતરા અંગે ચેતવણી આપતા માર્ક રુટે

વોશિંગ્ટન, તા. ૨૩

વોશિંગ્ટન. નાટો સેક્રેટરી જનરલ માર્ક રુટે ઈરાન સામે યુએસ કાર્યવાહીને સમર્થન આપ્યું અને ચેતવણી આપી કે ઈરાન યુરોપને ધમકી આપી શકે તેવી મિસાઈલ ક્ષમતાઓ વિકસાવવાની "ખૂબ નજીક" છે. હિંદ મહાસાગરમાં યુએસ-યુકે લશ્કરી મથક પર લાંબા અંતરના હુમલાના અહેવાલોનું નાટો મૂલ્યાંકન કરી રહ્યું છે ત્યારે તેમણે આ નિવેદન આપ્યું. ફેસ ધ નેશન પર બોલતા, નાટો સેક્રેટરી જનરલ માર્ક રુટે કહ્યું કે નાટો હજુ સુધી ઈરાને ડિએગો ગાર્સિયા પર મિસાઈલ છોડવાના દાવાની પુષ્ટિ કરી શકતું નથી, પરંતુ જો તે સાચું સાબિત થાય છે, તો તેના ગંભીર પરિણામો આવશે. તેમણે કહ્યું, "અમે આ સમયે તેની પુષ્ટિ કરી શકતા નથી, તેથી અમે તપાસ કરી રહ્યા છીએ. પરંતુ જો તે સાચું સાબિત થાય છે, તો તે વધુ પુરાવો હશે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ શું કરી રહ્યા છે... તે અત્યંત મહત્વપૂર્ણ છે."

રુટે કહ્યું કે ઈરાન મુખ્ય યુરોપીય શહેરો પર હુમલો કરવાની ક્ષમતાની નજીક આગળ વધી રહ્યું છે. "અમે ખાતરીપૂર્વક જાણીએ છીએ કે તેઓ તે ક્ષમતાની ખૂબ નજીક છે," તેમણે ઈરાની મિસાઈલોની સંભવિત ઘાતકતાનો ઉલ્લેખ કરતા કહ્યું.

તેમણે ચેતવણી આપી હતી કે જો ઈરાન પરમાણુ અને મિસાઈલ ક્ષમતાઓ બંને પ્રાપ્ત કરે છે, તો તે એક ગંભીર વૈશ્વિક ખતરો ઉભો કરશે. "જો ઈરાન પાસે પરમાણુ ક્ષમતા હોત અને તેને મિસાઈલ ક્ષમતા સાથે જોડી દેવામાં આવે, તો તે ઈઝરાયલ, પ્રદેશ, યુરોપ અને વૈશ્વિક સ્થિરતા માટે સીધો અને અસ્તિત્વનો ખતરો હોત," તેમણે કહ્યું.

નાટોના વડાએ ઈરાનની લશ્કરી ક્ષમતાઓને નબળી પાડવાના યુએસ પ્રયાસોને ટેકો આપ્યો, અને કહ્યું કે વિલંબ મોંઘો સાબિત થઈ શકે છે. ઉત્તર કોરિયાનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું, "જો આપણે ખૂબ લાંબા સમય સુધી વાટાઘાટો કરતા રહીએ, તો આપણે તે સમય ગુમાવી શકીએ છીએ જ્યારે આને અટકાવી શકાયો હોત."

તેમની ટિપ્પણીઓ એવા સમયે આવી જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે નાટો સાથી દેશોની ટીકા કરી હતી કે તેઓ યુએસ કામગીરીમાં પૂરતું યોગદાન

અનુસંધાન પાના ૭ પર

### બદ્રીનાથ સહિત ચાર ધામોમાં ફરી હિમવર્ષા

નવી દિલ્હી, તા. ૨૩

હિન્દુઓની પવિત્ર ચારધામ યાત્રા શરૂ થવાને આડે થોડા દિવસો જ બાકી છે તેવા સમયે કેદારનાથમાં આસ્થા અને પ્રકૃતિનું સંગમ થઈ ગયું હોય તેવો અલૌકિક નજારો જોવા મળી રહ્યો છે.ઉત્તરાખંડ સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં હવામાન પલ્ટા સાથે હિમવર્ષા થઈ છે. બદરીનાથ સહિત ચારેય ધામોમાં હિમવર્ષાથી વાતાવરણ અલૌકિક બન્યું છે. મંદિર પરિસર તથા આસપાસના પહાડ સફેદ ચાદરથી ઢંકાઈ ગયા છે.જાણે પ્રકૃતિ સ્વયં બદરીનાથની આરતી કરતી હોય તેવું દ્રશ્ય છે. બરફના ફુવારા વચ્ચે સુકૂન, શાંતિ અને દિવ્યતાનો અહેસાસ થઈ રહ્યો છે. બીજી તસ્વીર અટલ ટનલની છે. સમગ્ર કેદાર વેલીમાં હિમવર્ષાથી સર્વત્ર સફેદ ચાદર છે.

# દક્ષિણ ગુજરાતની કૃષિ ક્રાંતિનો પર્યાય ઉકાઈ ડેમ

## જ્યાં જળ ત્યાં ઉન્નત જીવન : છેલ્લા ૫૪ વર્ષથી દક્ષિણ ગુજરાતના વિકાસમાં ઉકાઈ ડેમનું અદ્વિતીય યોગદાન

સુરત, તા.૨૩

તાપી તા.૨૧ :- પાંચ દાયકા પૂર્વે તાપી નદીના કાંઠે દક્ષિણ ગુજરાતની સમૃદ્ધિનો સુરજ ઉગ્યો હતો. પૌરાણિક માન્યતા મુજબ તાપી નદીને સૂર્યપુત્રી માનવામાં આવે છે. મધ્યપ્રદેશના બેતુલ જિલ્લાના મુલતાઈથી ઉદ્ભવેલી તાપી, સાતપુડાની ગિરિમાળાઓમાંથી કલકલ વહેતી તાપી નદી મહારાષ્ટ્ર થઈને ગુજરાતમાં પ્રવેશે છે. આ તાપી નદીનો પટ ગુજરાતમાં આવતાની સાથે વિશાળ બનતા તેના પ્રચંડ પ્રવાહને રોકવા ઉકાઈ ગામ પાસે ઈજનેરી કૌશલ્યનો બેજોડ નમૂના સમાન એક વિશાળકાય ડેમના નિર્માણ આજથી પાંચ દાયકા પૂર્વે નિર્માણ કરવામાં આવ્યું હતું. પાંચ દાયકાની ઐતિહાસિક સફરમાં આ ડેમે કૃષિ ક્રાંતિના નવા આયામો હાંસલ કર્યા છે.

દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમની આ ઐતિહાસિક સફર લોકજીવનને સીધી રીતે સ્પર્શે છે. પાણીના મૂલ્ય અને લોકજીવનમાં તેના મહત્વને સમજવા માટે આ ડેમનો ઈતિહાસ જાણવો અત્યંત જરૂરી છે. વર્તમાન સમયમાં જ્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારો જળ સંચય માટે કટિબદ્ધ બનીને કાર્ય કરી રહી છે, ત્યારે જનકલ્યાણ અને જળ જાળવણીના પ્રતીક સમાન ઉકાઈ ડેમ વિશે વિગતે જાણીએ અને સમજીએ.



આઝાદી પૂર્વે અને ત્યારબાદના વર્ષોમાં સુરત સહિત આસપાસના વિસ્તારોએ તાપી માતાના રૌદ્ર સ્વરૂપનો અનેકવાર અનુભવ કર્યો હતો. ખાસ કરીને ૧૯૫૯ ના વિનાશક પૂર બાદ આ બહુહેતુક યોજનાના નિર્માણનો પાયો નાખવામાં આવ્યો. તાપીના પૂરથી રક્ષણ મેળવવા અને ખેતી માટે બારેમાસ પાણી પૂરું પાડવાના ઉમદા આશય સાથે વર્ષ ૧૯૭૨માં આ બંધનું કાર્ય પૂર્ણ થયું. આ ભવ્ય ડેમનું નામ ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં "વલ્લભ સાગર" રાખી તેને રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યો.

ઈજનેરી કૌશલ્યના અજોડ નમૂના રૂપ આ ઉકાઈ ડેમની વિગતો આપતા કાર્યપાલક ઈજનેરશ્રી એસ.વી. જાગીરદાર સાથેની વિશેષ મુલાકાતમાં ઘણી રસપ્રદ બાબતો જાણવા મળી હતી. ઉકાઈ ડેમ માનવ ઈજનેરી કૌશલ્યની એક અદ્ભૂત મિસાલ છે. આ ડેમની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં માટીની મજબૂતી અને ચણતરની ચોકસાઈ એમ બંને પદ્ધતિઓનો એવો સંગમ થયો છે જે ભાગ્યે જ જોવા મળે છે. તેમણે ડેમના ઈજનેરી કૌશલ્યની રસપ્રદ બાબતો રજૂ કરતા જણાવ્યું કે, કલ્પના કરો કે ડેમની કુલ લંબાઈ ૪૯૦૦ મીટર છે, જેમાંથી ૪૦૦૦ મીટર માટીની પાળ છે અને ૯૦૦ મીટર ચણતર કામ છે. તેની ઊંચાઈ દરિયાઈ સપાટીથી ૩૪૫ ફૂટ છે, જે ૨૫ થી ૩૦ માળની ગગનચુંબી ઈમારત જેટલી ગણી શકાય. તેઓ ઈજનેરી કૌશલ્યના આશ્ચર્ય રૂપ કાર્ય ની વાત કરતા કહે છે કે, આ ડેમનું અસલી આશ્ચર્ય તો તેના દરવાજાઓમાં છુપાયેલું છે. આ ડેમને ૫૧૪૮.૫ ફુટના ૨૨ વિશાળકાય દરવાજા છે. જાણીને નવાઈ લાગશે કે માત્ર એક દરવાજાનું વજન ૧૭૬ ટન છે. આ વજનને સામાન્ય ભાષામાં સમજવું હોય, તો એક દરવાજાનું વજન ૩૦ પુખ્ત આફ્રિકન હાથીઓ જેટલું થાય છે. જ્યારે આ ૨૨ દરવાજાઓમાંથી તાપીનું પાણી રૌદ્ર સ્વરૂપે વહે છે, ત્યારે ઈજનેરીનો આ વૈભવ જોવા જેવો હોય છે. આટલી વિશાળ જળરાશિના પ્રચંડ દબાણને આ અડીખમ દીવાલ અને દરવાજાઓ દાયકાઓથી હસતા મુખે ઝીલી રહ્યા છે. જે તેને ઉત્તમ ઈજનેરી કૌશલ્ય અને મજબૂતીનું ઉત્તમ ઉદાહરણ છે. ઉકાઈ જળાશય માત્ર દક્ષિણ ગુજરાતના કરોડો લોકો અને પશુધનની તરસ છિપાવવા કે કૃષિ સિંચાઈ માટે જ ઉપયોગી નથી, પરંતુ તે દક્ષિણ ગુજરાતને રોશન કરતી એક વિશાળ 'પાવર બેંક' પણ સાબિત થયો છે. આ ડેમ પાણીના દરેક ટીપામાંથી ઉર્જા પેદા કરવાની અદ્ભૂત ક્ષમતા ધરાવે છે. અહી કુલ ૩૦૫ મેગાવોટની ક્ષમતા ધરાવતા હાઈડ્રો પાવર યુનિટ્સ

અનુસંધાન પાના ૭ પર

# શ્વેતક્રાંતિ બાદ સુમુલ ડેરીએ જળ સંચય ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો

## જળસંચય સીસ્ટમ દ્વારા સુમુલ ડેરીએ ૨.૫ કરોડ લીટર પાણી ભૂગર્ભમાં રીચાર્જ કર્યું

સુરત, તા.૨૩

શ્વેત ક્રાંતિમાં અગ્રેસર સુરતની સુમુલ ડેરીએ હવે જળ સંચય ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે. વરસાદી પાણીના રિચાર્જ પ્રોજેક્ટ માટે આંતરરાષ્ટ્રીય સ્તરની 'વોટર ક્રેડિટ' મેળવનાર સુમુલ ડેરી સમગ્ર ભારતનો સૌપ્રથમ સહકારી સંઘ બની ગયો છે.

સુરત અને તાપી જિલ્લાની ૧૦૦ સહકારી દૂધ મંડળીઓ ખાતે સુમુલ ડેરી જળ સંચય પ્રોજેક્ટ અંતર્ગત વરસાદી પાણી જમીનમાં ઉતારવાની સિસ્ટમ્સ લગાવવામાં આવી હતી. જેના થકી આશરે ૨.૫ કરોડ લીટર (૨૫ મિલિયન લીટર) પાણી ભૂગર્ભમાં સફળતાપૂર્વક રિચાર્જ કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક કામગીરી બદલ આ મંડળીઓને અંદાજિત ૨૫,૦૦૦ RoU (રાઈનવોટર ઓફસેટ યુનિટ્સ) એટલે કે 'વોટર ક્રેડિટ' મળેલ છે. આ વોટર ક્રેડિટ માત્ર એક સર્ટિફિકેટ નથી, પરંતુ એક આર્થિક સંપત્તિ છે. આ ક્રેડિટ્સનું ટ્રેડિંગ પ્લેટફોર્મ પર વેચાણ કરીને મંડળીઓ નવી આવક ઊભી કરી શકશે, જેનો ઉપયોગ આ રિચાર્જ સિસ્ટમના નિભાવ ખર્ચ માટે થશે. વધુમાં, સ્થાનિક સ્તરે બોરવેલ અને કૂવાના તળ ઊંચા આવવાથી ખેડૂતો અને પશુપાલકોને વ્યાપક ફાયદો થશે. સુમુલ ડેરી, 'શુદ્ધતાની પરંપરા' ના મંત્ર સાથે દૂધની શુદ્ધતા તો જાળવી રાખી છે, સાથે પર્યાવરણ અને જળમાં પણ

સુમુલ
જળ સંચય યોજના



સુધારો થાય તેની નવી પરંપરા સ્થાપવા જઈ રહી છે. થયેલી આ પહેલ દર્શાવે છે કે આ સંઘ માત્ર આર્થિક વિકાસ જ નહી, પરંતુ પર્યાવરણ અને જળ સુરક્ષા માટે પણ એટલો જ કટિબદ્ધ છે. ભવિષ્યમાં આ મોડેલ દેશના તમામ સહકારી ક્ષેત્રો માટે માર્ગદર્શક બનશે. સુમુલ ડેરી આ જળ સંચયમાં ભાગ લેનાર તમામ દૂધ મંડળીઓનો ખૂબ આભાર માને છે.



# ઓલપાડ તાલુકામાં રૂ.૪૦ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

## ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલ અને સુરત સાંસદ મુકેશભાઈ દલાલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૨૩

ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના બરબોધન ગામથી ધારાસભ્ય મુકેશભાઈ પટેલ અને સુરત સાંસદ મુકેશભાઈ દલાલના વરદહસ્તે તાલુકાના જુદા- જુદા ગામના રૂ.૪૦ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહ યોજાયો હતો.

ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન દ્વારા સુરત શહેરી વિકાસ સત્તામંડળ('સુડા')ની ગ્રાન્ટ માંથી તાલુકાના બરબોધન, કુંકણી, વડોદ, ભારૂંડી, કુડસદ અને કણાદ (કનાજ)ગામના જર્જરીત તળાવના નવીનિકરણ માટે રૂ.૨૮.૨૬ કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ હતી.આ ઉપરાંત 'સુડા'દ્વારા કાંઠાના તેના ગામ અને ઓલપાડ વિધાનસભા મતક્ષેત્રના મલગામા ગામમાં નવી સ્ટ્રીટ લાઈટની સુવિધા માટે રૂ.૧.૧૨ કરોડની ગ્રાન્ટ મંજુર થઈ હતી.જયારે સેગાવાછામા, અરીયાણા અને સોંસક ગામે રૂ. ૧૦.૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ તળાવનું કામ પૂર્ણ થતા કુલ રૂ.૪૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ ભાજપના ચૂંટાયેલા બંન્ને નેતાઓના વરદહસ્તે રવિવારે બરબોધન ગામેથી કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વ મંત્રી અને ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલે કહ્યું હતું કે, આ તળાવોના નવીનીકરણ પહેલા તળાવોમાં ગંદકીનું સામ્રાજ્ય હતું.પરંતુ જયારથી ઓલપાડ તાલુકાના અનેક ગામોનો 'સુડા'માં સમાવિષ્ટ થતા ઘણા ગામોમાં 'સુડા'ની ગ્રાન્ટમાંથી તળાવનું બ્યુટિફિકેશન કામ પૂર્ણ થયું છે,જયારે તાલુકાના બીજા છ ગામમાં તળાવ માટે ગ્રાન્ટ મંજુર થયેલ છે.આ ઉપરાંત'સુડા'અને સરકાર ની અલગ-અલગ યોજનામાંથી ઘણા ગામોમાં નવી સ્ટ્રીટ લાઈટની સુવિધા પણ ઉપલબ્ધ થયેલ છે.જે સુવિધાઓથી

અનુસંધાન પાના ૭ પર

# પાંચ વર્ષમાં મ્યુનિ. કોર્પોરેટરો દ્વારા કરવામાં આવેલા કામોના લેખાજોખા

## ભાજપ દ્વારા તૈયાર કરાયેલા પુસ્તકનું કેન્દ્ર મંત્રી પાટીલના હસ્તે વિમોચન

સુરત, તા.૨૩

આજે, સુરત ભાજપ કાર્યાલય ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલજીના અધ્યક્ષસ્થાને અને પ્રદેશ મહામંત્રી શ્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટની ખાસ ઉપસ્થિતિમાં છેલ્લા પાંચ વર્ષમાં મ્યુનિસિપલ કાઉન્સિલરો દ્વારા તેમના મતવિસ્તારમાં કરવામાં આવેલા જાહેર કાર્યો પર એક પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. માનનીય પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ શ્રી નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનથી ગુજરાત વિકાસના માર્ગે સતત આગળ વધી રહ્યું છે. શ્રી સી.આર. પાટીલે સુરત મ્યુનિસિપલ કાઉન્સિલરોના વિકાસ કાર્યોની પ્રશંસા કરી. સુરત મ્યુનિસિપલ કાઉન્સિલરો લોકો વચ્ચે કામ કરે છે અને કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ યોજનાઓના લાભ દરેક વ્યક્તિ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે સતત ચિંતિત રહે છે. આ કાર્યક્રમમાં દક્ષિણ ઝોનના પ્રભારી અને રાજ્ય મહામંત્રી શ્રી પ્રશાંતભાઈ કોરાટ, રાજ્ય મહિલા મોરચાના વડા શ્રીમતી અંજુબેન વેકરિયા, રાજ્ય ઉપાધ્યક્ષ શ્રીમતી ઝંખનાબેન પટેલ, રાજ્ય યુવા મોરચાના મહામંત્રી ડૉ. ભાવિનભાઈ શિરોયા, શહેર પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ, મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, શહેર મહામંત્રી શ્રી દુર્ગાપ્રસાદ પાંડે, શહેર મહામંત્રી શ્રી વિરલભાઈ ગિલીટવાલા, શહેર મહામંત્રી શ્રી કરશનભાઈ ગોંડલીયા, સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી રચના સમિતિના સભ્યો શ્રી વી.ડી. ઝાલાવાડિયા, શ્રી વિવેકભાઈ પટેલ, શ્રી નિરવભાઈ શાહ અને અન્ય કાર્યકરો હાજર રહ્યા હતા.

# ઓલપાડ પોલીસની પ્રશંસનીય કામગીરીને બિરદાવતા સંઘવી

## ગાંજો પકડનાર હે.કો. અશોકભાઈનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન



સુરત, તા.૨૩

રાજયમાં નશાબંધી અને નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત સુરત જિલ્લાની ઓલપાડ પોલીસે ટૂંકા ગાળામાં બે મોટી સફળતા મેળવી છે.ઓલપાડ પોલીસ સ્ટેશનના અ.હે.કો. અશોકભાઈ ગણપતભાઈ દ્વારા બાતમીના આધારે કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરીની કદર રૂપે ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા તેમને 'સન્માનપત્ર'એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

અશોકભાઈ પટેલે પોતાની ફરજ દરમિયાન વ્યક્તિગત બાતમીદારોનો ઉપયોગ કરી NDPS એક્ટ હેઠળ બે મહત્વના ગુનાઓ શોધી કાઢ્યા હતા જે પૈકી તા.૨૭/૦૨/૨૦૨૬) ના રોજ ઓલપાડ તાલુકાના કારેલી ગામમાંથી ત્રણ ઈસમોને વગર પાસ-પરમિટના ૮૭.૪૪૨ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. આ કામગીરીમાં પોલીસે કુલ રૂ.૫૧,૩૮,૬૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો હતો.જયારે તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ ઉમરા-ગોથાણ રેલ્વે બ્રીજથી દેલાડ ગામ તરફ જતી ત્રણ રસ્તા પાસે મોટરસાયકલ પર સવાર બે ઈસમોને અટકાવી તેમની પાસેથી ૩.૭૪૫ કિલોગ્રામ ગાંજો ઝડપી પાડ્યો હતો. આ દરોડામાં કુલ

અનુસંધાન પાના ૭ પર



# મોઢ વણીક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા કફન વિતરણ

સુરત, તા.૨૩

શ્રી સુરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા અનેકો માનવીય અભિગમવાણી સેવા ઓ જેવી કે ચક્ષુદાન દેહદાન રક્તદાન અને કફન વિતરણ સહિત ની સેવા ઓ પૈકી ની ૮૫ મો કફન વિતરણ કાર્યક્રમ ન્યુ સિવિલ હોસ્પિટલ ના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે શ્રીમતી જયશ્રીબેન લલિતકુમાર મોદીના સહયોગથી યુવક મંડળના કારોબારી સભ્ય શ્રી મોન્ટુભાઇ જીનવાળા હસ્તે અને યુવક મંડળના પ્રમુખ હરીશ પીપવાલા ના માર્ગદર્શન હેઠળ યોજાયો. જેમાં સિવિલ હોસ્પિટલ ના આર એમ ઓ ડૉ. વિભૂતિ બેને કફન નો જથ્થો સ્વીકારી યુવક મંડળની આ નિયમિત સેવા ને બિરદાવી આભાર ની લાગણી વ્યક્ત કરી હતી. યુવક મંડળ ના કારોબારી સભ્ય વસંત ગોળવાળા એ કફન વિતરણ સેવા કાર્ય નું મહત્વ અને આશરે ૪,૦૦૦ મીટર થી વધુ કાપડ કફન દાન માટે દાતાશ્રીઓ ના સહયોગ થી થાય છે તેની જાણ કરી. આ સેવામાં પ્રમુખ શ્રી હરીશ પીપવાળા, આઈ પી પી શ્રી અજય મોદી સાથે રવિ ગાંધી, પરેશ ભાટિયા, વિકિન આસમાની, મુકેશ કટલરીવાળા, આશિત મોદી, વસંત ગોળવાળા, ધર્મેશ લાપસીવાળા એ સેવા આપી. અંતે આભાર વિધિ વિકિન આસમાની એ કરી સેવા કાર્ય નું સમાપન જાહેર કર્યું.

# અડાજણ ખાતે બે દિવસીય મિલેટ મહોત્સવ ખૂલ્લો મૂકાયો

## 'ફેમિલી ડોક્ટર'ની જેમ હવે 'ફેમિલી ફાર્મર'નો યુગઃ શુદ્ધ અને સાત્વિક આહાર જ નિરોગી સમાજનું નિર્માણ કરશેઃ આરોગ્ય રાજ્યમંત્રી

સુરત, તા.૨૩

પૌષ્ટિક મિલેટ્સ, પ્રાકૃતિક ખેતીથી પકવેલા અનાજનો લોકો વધુને વધુ ઉપયોગ કરવા પ્રેરિત થાય, ભોજનમાં જાડા, બરછટ અનાજનું નિયમિત સેવન કરે તેવા આશયથી રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા તા.૨૧ અને ૨૨ માર્ચ દરમિયાન અડાજણ ખાતે આયોજિત સુરત જિલ્લાકક્ષાના 'મિલેટ્સ મહોત્સવ-પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬'ને આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના હસ્તે ખૂલ્લો મૂકાયો હતો. જિલ્લા ખેતીવાડી વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે અડાજણ, હનીપાર્ક રોડ સ્થિત જોગાણીનગર પાર્ટી પ્લોટમાં દ.ગુજરાતના મિલેટ્સ પકવતા, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ૩૫ સ્ટોલ્સ ઉભા કરાયા



છે. મુલાકાતીઓ માટે પ્રદર્શનો, લાઈવ ડેમોન્સ્ટ્રેશન તેમજ મિલેટ્સ વાનગીઓ માણવા માટે ૧૫ લાઈવ ફૂડસ્ટોલ્સ છે. આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરમુક્ત પ્રાકૃતિક ખેતી દ્વારા તૈયાર થયેલું ધાન્ય જ જન-જનની શારીરિક અને માનસિક તંદુરસ્તીની જડીબુટ્ટી છે. નાના ખેડૂતો માટે મિલેટ્સની ખેતી આશીર્વાદરૂપ છે, સાથોસાથ સ્વાસ્થ્ય માટે પણ મિલેટ્સ ગુણકારી છે. તેમણે ઉમેર્યું કે, મિલેટ્સના ગુણધર્મો, ઉપયોગિતા વૈશ્વિક સ્તરે પ્રચલિત થાય એ માટે વડાપ્રધાનશ્રી

અનુસંધાન પાના ૭ પર

# સચિનમાં મહાનગર પાલિકાના રૂ.૧૨૪ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત



## શહેરભરમાં રોડ-રસ્તા, આરોગ્ય, શિક્ષણ અને સ્વચ્છતામાં શ્રેષ્ઠ કામગીરીની પ્રસંશા કરતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી પાટીલ

સુરત, તા.૨૩

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના દક્ષિણ વિસ્તારના સર્વાંગી વિકાસને વેગ આપવા સાઉથ ઝોન-બી(કનકપુર) ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર.પાટિલે રૂ.૪૪.૫૨ કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને રૂ.૮૦ કરોડના કામોના ખાતમુહૂર્ત મળી કુલ અંદાજિત રૂ.૧૨૪.૪૨ કરોડના જનહિતલક્ષી વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી.

મનપાના સાઉથ ઝોન- બી અને ચોર્યાસી વિધાનસભામાં સમાવિષ્ટ વોર્ડ - ૩૦ (કનસાડ - સચિન - ઉન - આભવા)માં સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ.૩૫.૪૦ કરોડના ખર્ચે સુરતથી સચીન થઈ નવસારી જતા સ્ટેટ હાઈવે પરના ૯૦ મીટરના સાતવલ્લા રેલવે ઓવરબ્રિજનું વિસ્તૃતિકરણ, રૂ.૯.૧૨ કરોડમાં નવનિર્મિત તળાવ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને શાંતિકુંજ મળીને કુલ અંદાજિત રૂ.૪૪.૫૨ કરોડના કાર્યોનું લોકાર્પણ તેમજ રૂ.૭૨.૭૧ કરોડના ખર્ચે ઝોન-એ વિસ્તારમાં ઉધના ત્રણ રસ્તા જંકશન અને સર્વોત્તમ હોટલ જંકશન પર પર ટીપીસી બેઝિકથી બનનારો ફ્લાઈ ઓવર, રૂ.૬.૩૫ કરોડમાં નવું શાળા ભવન અને શાળા રિપેરિંગ, રૂ.૮૪ લાખમાં કનસાડ વોર્ડ ઓફિસ સહિતના અંદાજિત રૂ.૮૦ કરોડના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુવિધા અને સર્વાંગી વિકાસની દિશામાં સતત કાર્યરત છે. સચિન સ્થિત ઓવરબ્રિજ પહોળો થવાથી અંદાજે ૯ લાખ લોકોને લાભ થશે. આ બ્રિજના કારણે વાહનવ્યવહાર વધુ સુગમ બનશે અને સચિનની આજુબાજુના વિસ્તારના લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે. જેથી તેમના સમય અને

અનુસંધાન પાના ૭ પર

# હાસ્ય એ ગમે તે ઉંમરના વ્યક્તિને બાળક બનાવી દે છે : કમલેશભાઈ મસાલાવાલા

## હસવું, રડવું અને વિચારવું એ મનુષ્યને મળેલી અનમોલ ભેટ છેઃ કાનજી ભાલાળા

સુરત, તા.૨૩

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી ગુરૂવારે જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે યોજાયેલ ૧૫૧ માં વિચારોના વાવેતર કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળા એ જણાવ્યું હતું કે, જીવનમાં પૈસા મહત્વના છે પરંતુ, ખુશી સૌથી વધુ મહત્વની છે. વર્તમાન સમયે માણસ ખડખડાટ હસી શકતો નથી. ખરેખર હાસ્યએ ખુશીના હોર્મોન્સ ઉત્પન્ન કરે છે. હાસ્ય શરીરને ખુશી અને મનને શાંતિ આપે છે. હાસ્યએ ખુશીની અભિવ્યક્તિ છે. શરીરએ



કેમિકલ ફેક્ટરી છે. દરેક ક્રિયા અને વિચારથી શરીરમાં જુદા જુદા કેમિકલ્સ ઉત્પન્ન થાય છે. હાસ્ય કે વિચાર ખરેખર સાચા છે કે ખોટા તેની શરીરને ખબર પડતી નથી. એટલે જ જાતે હસવાથી પણ શરીર મનને એક પ્રકારની કસરત અને ફાયદો થાય છે. જીવનના નવ રસ પૈકી હાસ્ય એક રસ છે. આપણી સંસ્કૃતિ એમ કહે છે કે જે માણસ પ્રસન્ન છે તે ઈશ્વરની નજીક છે. તેમણે નવો વિચાર આપતા જણાવ્યું હતું કે, ખડખડાટ હસવુ એ યોગ છે જે તન અને મનને સ્ફૂર્તિ આપે છે. સતત માનસિક તણાવમાં જીવતા

અનુસંધાન પાના ૭ પર




# ટેમ્પા એસો. દ્વારા ઈદ મિલન કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૨૩

સુરત શહેર ટેમ્પો ચાલક વેલફેર એસોસીએશન દ્વારા આયોજિત ઈદ મિલન કાર્યક્રમ ૪૫૧ ટેક્સ્ટાઈલ માર્કેટ સામે કમેલા દરવાજા રીંગ રોડ ખાતે યોજવામાં આવ્યું હતું જેમાં મહિલા અને બાળમિત્ર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શફીભાઈ શેખ સાહેબ ઉપ પ્રમુખ નિસાર ભાઈ લાઈટ વાલા સાહેબ અને અજય સિંહ સાહેબ ટ્રસ્ટી રઈસ શેખ સાહેબ શોએબ શેખ સાહેબ ને એસોસિયેશનના પ્રમુખ શ્રી અયુબ ભાઈ શેખ દ્વારા સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ નૂ સંચાલન મુખ્તાર શેખે કર્યું હતું કાર્યક્રમને સફળ બનાવવા ટેમ્પો ચાલક વેલફેર એસોસીએશન ના હોદ્દેદારો ખૂબ જહેમ ઉઠાવી હતી.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતા નગર



નેશનલ મેડિકોઝ ઓર્ગેનાઈઝેશન દ્વારા એકતા નગરથી વડોદરા સુધી "સ્વામી વિવેકાનંદ સ્વસ્થ જીવન શૈલી જાગરૂકતા સાયકલ યાત્રા"નું આયોજન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ જન્મજયંતિના ઉપલક્ષમાં યોજાઈ સાયકલ યાત્રા

“સ્વાસ્થ્ય સેવાથી રાષ્ટ્ર સેવા” અને “દર્દી દેવો ભવઃ”ની ભાવનાથી પ્રેરિત, National Medicos Organisation (NMO) દ્વારા એલોપેથીક તથા ડેન્ટલ વિભાગના વિદ્યાર્થીઓ અને ડોક્ટરોનું ૪૫મું રાષ્ટ્રીય અધિવેશન – NMOCON-૨૦૨૬ તારીખ ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ Medical College Baroda, Vadodara ખાતે NMO ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા આયોજિત કરવામાં આવી રહ્યું છે.

આ રાષ્ટ્રીય અધિવેશનમાં સમગ્ર ભારતમાંથી ૨૦૦૦થી વધુ મેડિકલ અને ડેન્ટલ વિદ્યાર્થી તેમજ ડોક્ટર સભ્યો ભાગ લેશે. કોન્ફરન્સ દરમિયાન મેડિકલ વિદ્યાર્થીઓ અને ડોક્ટરો માટે વિવિધ એકેડેમિક સત્રો, વૈજ્ઞાનિક ચર્ચાઓ, સંવાદ, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સ્પર્ધાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

કોન્ફરન્સ પૂર્વે વિશેષ કાર્યક્રમ તરીકે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે "સ્વામી વિવેકાનંદ સ્વસ્થ જીવન શૈલી જાગરૂકતા સાયકલ યાત્રા"નું આયોજન કરવામાં આવ્યું.આ સાયકલ યાત્રાને ખાસ અંગદાન પ્રવુતિના પ્રણેતા અને અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી દિલીપ દેશમુખ (દાદા)દ્વારા લીલી ઝંડી આપી યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય અંગદાન જાગૃતિ તથા ગૈર-સંક્રમણ રોગ(હૃદય રોગ, ડાયાબિટીસ,હાઈ બ્લડપ્રેસર) અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આ સાયકલયાત્રા દરમ્યાન ગામોમાં પણ નાગરીકોનો સંપર્ક કરીને જાગૃતિ ફેલાવવાનું કાર્ય ભાવિ તબીબો કરનાર છે.આ સાયકલ યાત્રા સ્ટેચ્યુ ઓફ યુનિટી થી શરૂ થઈ મેડિકલ કોલેજ બરોડા ખાતે સમાપન થશે. આ યાત્રામાં ૨૫૦ થી વધુ ભાવિ તબીબોએ ભાગ લીધો હતો. યાત્રાના પ્રારંભે અંગદાન પ્રવુતિના પ્રણેતા અને અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી દિલીપ દેશમુખ (દાદા)એ જણાવ્યું હતું કે, નેશનલ મેડિકોઝ દ્વારા આ સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે,અંગદાન જાગૃતિના સંદેશ સાથે આ સાયકલ યાત્રાના આયોજન માટે હું આયોજકો અને ભાગ લેનાર તમામ ભાવિ તબીબોને અભિનંદન આપું છે. આ યાત્રા થકી સમાજમાં અંગદાન જાગૃતિ આવશે અને તેના થકી જરૂરિયાત વ્યક્તિઓને નવજીવન પ્રાપ્ત થશે.

**યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય અંગદાન જાગૃતિ તથા ગૈર-સંક્રમણ રોગ(હૃદય રોગ, ડાયાબિટીસ,હાઈ બ્લડપ્રેસર) અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આ સાયકલયાત્રા દરમ્યાન ગામોમાં પણ નાગરીકોનો સંપર્ક કરીને જાગૃતિ ફેલાવવાનું કાર્ય ભાવિ તબીબો કરનાર છે.આ સાયકલ યાત્રા સ્ટેચ્યુ ઓફ યુનિટી થી શરૂ થઈ મેડિકલ કોલેજ બરોડા ખાતે સમાપન થશે. આ યાત્રામાં ૨૫૦ થી વધુ ભાવિ તબીબોએ ભાગ લીધો હતો**





# નિખારઃ ઓઈલી સ્કાલ્પ? આ ઉનાળામાં આ હેર માસ્ક તમારા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે

ઉનાળાના મહિનાઓમાં ઓઈલી સ્કાલ્પ ધરાવતા લોકોને વધુ પડતી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વધુ પડતા પરસેવાના કારણે વાળ ખૂબ જ ઝડપથી ગંદા અથવા ચીકણા દેખાય છે. તમારા વાળ વધુ પડતા તેલયુક્ત દેખાય તે વિના તેનો કુદરતી ભેજ જાળવી રાખવા માટે તમે વિવિધ કુદરતી ચીજોમાંથી બનાવેલા હેર માસ્ક લગાવી શકો છો. તો ચાલો કેટલાક વિકલ્પો પર એક નજર કરીએ. ઉનાળાની ઋતુમાં તમારા વાળને તાજા રાખવા એક પડકાર બની શકે છે, મુખ્યત્વે કારણ કે ઓઈલી સ્કાલ્પમાં ખૂબ પરસેવો થાય છે.

આ સમસ્યા ખાસ કરીને એવા લોકો માટે વધુ ખરાબ થાય છે જેમની કુદરતી રીતે ઓઈલી સ્કાલ્પ હોય છે. ઉનાળામાં તેલ ગ્રંથિઓ વધુ સક્રિય બને છે, જેના કારણે વાળમાં ખોપરી ઉપરની ચામડીનું કુદરતી તે વધુ નીકળે છે. વધુમાં, પરસેવો અને ધૂળના મિશ્રણથી ખોપરી ઉપરની ચામડી અને વાળના તળીયા બંને પર ધૂળ અને ગંદકી એકઠી થાય છે. ઘણીવાર શેમ્પૂ કર્યાના એક દિવસ પછી જ વાળ ચીકણા દેખાવા લાગે છે.

આવી પરિસ્થિતિઓમાં તમે કુદરતી ઘટકોમાંથી બનાવેલા હેર માસ્ક તરફ વળી શકો છો. વાળમાંથી આવશ્યક ભેજ દૂર કર્યા વિના અથવા શુષ્કતા લાવ્યા વિના આ વધારાના તેલને નિયંત્રિત કરવામાં અસરકારક છે. જો તમે ઉનાળા દરમિયાન તમારા વાળને દરરોજ શેમ્પૂ કરો છો, તો તમારા વાળ ડ્રાય થવાનો ભય રહે છે, કારણ કે વારંવાર ધોવાથી તેમના કુદરતી તેલનો નાશ થાય છે. ઉનાળાની ઋતુ દરમિયાન સ્વસ્થ વાળ જાળવવા માટે ઘરેલુ ઉપાયો ખૂબ અસરકારક સાબિત થાય છે. અહીં અલગ અલગ પ્રકારના હેર માસ્ક છે જે તમારા વાળને હાઈડ્રેટેડ રાખશે અને ખાતરી કરશે કે તે તાજા અને સ્વચ્છ રહેશે.

મુલતાની માટી – હેર માસ્ક

જો તમારી ખોપરી ઉપરની ચામડી તેલયુક્ત હોય અને તમને લાગે કે ઉનાળા દરમિયાન સમસ્યા વધુ તીવ્ર બને છે, તો તમારે મુલતાની માટીનો હેર માસ્ક તૈયાર કરવાનું અને લગાવવાનું વિચારવું જોઈએ. આ કરવા માટે મુલતાની માટી પાવડર જરૂરી માત્રામાં લો અને તેને લગભગ એક કલાક માટે પાણીમાં પલાળી રાખો. તેમાં થોડું એલોવેરા અને ચાર ચમચી ગુલાબજળ મિક્સ કરીને એક સરળ પેસ્ટ બનાવો. આ માસ્કને સીધા તમારા સ્કાલ્પ પર લગાવો. ૧૦ મિનિટ પછી તમારા વાળ ધોઈ લો. જો તમે ઈચ્છો તો તમે તેને તમારા વાળ પર લગાવી શકો છો, પરંતુ ખાતરી કરો કે તે સંપૂર્ણપણે ડ્રાય ન થઈ જાય.

ઈંડાનો હેર માસ્ક

ઉનાળામાં તેલયુક્ત ખોપરી ઉપરની ચામડીને તાજગીભરી રાખવા માટે તમે ઈંડાનો હેર માસ્ક લગાવી શકો છો. આ માસ્ક તૈયાર કરવા માટે ઈંડાનો સફેદ ભાગ અલગ કરો અને તેને લીબુના રસ સાથે મિક્સ કરો. ઈંડા વાળને પ્રોટીન પૂરું પાડે છે, જેનાથી તે ચમકદાર અને નરમ બને છે, જ્યારે લીંબુ માથા પર વધારાનું તેલ અને ખોડો ઘટાડવામાં મદદ કરે છે. આ મિશ્રણને માથાની ચામડીથી વાળના છેડા સુધી લગાવો અને પછી તેને ૧૫થી ૩૦ મિનિટ માટે રહેવા દો. સામાન્ય તાપમાને પાણીથી તમારા વાળ ધોઈ લો.


દહીનો હેર માસ્ક બનાવો

ઉનાળા દરમિયાન તમે દહી અને જાસવંતીનાં ફૂલોનો ઉપયોગ કરીને હેર માસ્ક તૈયાર કરી શકો છો. આ માટે, તમે જાંસવતીનો પાવડર અથવા તાજા જાસવંતીના ફૂલોમાંથી બનાવેલી પેસ્ટનો ઉપયોગ કરી શકો છો. બંને ઘટકોને એકસાથે મિક્સ કરો અને મિશ્રણને તમારા આખા વાળ પર, માથાની ચામડી સહિત લગાવો. આ ફક્ત તમારા વાળને મુલાયમ બનાવશે એટલું જ નહીં પરંતુ તેની રચના અને રંગ પણ વધારશે. દહીમાં હાજર લેક્ટિક એસિડ માથાની ચામડી પર વધારાનું તેલ ઘટાડવામાં મદદ કરે છે, જ્યારે જાસવંતીની પાંખડીઓ વાળને પોષણ આપવાનું કામ કરે છે.

ધ્યાનમાં રાખવા જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દા

જો તમારી ખોપરી ઉપરની ચામડી ખૂબ જ તેલયુક્ત હોય તો તમે અઠવાડિયામાં એક કે બે વાર આ હેર માસ્ક લગાવી શકો છો. જો તમારી ખોપરી ઉપરની ચામડી થોડી જ તેલયુક્ત હોય તો દર ૧૦ દિવસે એકવાર હેર માસ્ક લગાવવો પૂરતો છે. યાદ રાખો કે મુખ્યત્વે ઓઈલી સ્કાલ્પ પર ધ્યાન કેન્દ્રિત કરો. આ વાળના માસ્કને સંપૂર્ણપણે ડ્રાય થવા દેવા જોઈએ નહી. આ માટે ૧૫ થી ૨૦ મિનિટ પૂરતો સમય છે. ઘણીવાર ભારે સ્ટાઈલિંગ ઉત્પાદનો પણ વાળને ઝડપથી ઓઈલી બનાવી શકે છે, તમારે આવાં ઉત્પાદનોનો ઉપયોગ કરવાનું ટાળવાનો પ્રયાસ કરવો જોઈએ. હંમેશાં હળવા ને નેચરલ શેમ્પૂનો ઉપયોગ કરો.

**ઉનાળા દરમિયાન તમે દહીં અને જાસવંતીનાં ફૂલોનો ઉપયોગ કરીને હેર માસ્ક તૈયાર કરી શકો છો. આ માટે, તમે જાંસવતીનો પાવડર અથવા તાજા જાસવંતીના ફૂલોમાંથી બનાવેલી પેસ્ટનો ઉપયોગ કરી શકો છો. બંને ઘટકોને એકસાથે મિક્સ કરો અને મિશ્રણને તમારા આખા વાળ પર, માથાની ચામડી સહિત લગાવો. આ ફક્ત તમારા વાળને મુલાયમ બનાવશે એટલું જ નહીં પરંતુ તેની રચના અને રંગ પણ વધારશે. દહીંમાં હાજર લેક્ટિક એસિડ માથાની ચામડી પર વધારાનું તેલ ઘટાડવામાં મદદ કરે છે, જ્યારે જાસવંતીની પાંખડીઓ વાળને પોષણ આપવાનું કામ કરે છે.**







# મર્દાના પહેરવેશમાં છલકાતી નજાકત

**સ્ત્રીઓના પહેરવેશમાં અવનવા ટ્રેન્ડ આવતા જ રહે છે. ફેશનજગતમાં બે-ત્રણ મહિને કોઈ ને કોઈ બદલાવ આવે તેના પ્રમાણે શહેરોથી માંડીને નાના કસબાના ખૂણેખૂણે ફેશન ફેલાતી હોય છે. વ્હાલી લાડકી પૂર્તિની વાચક બહેન-દીકરીઓ! જ્યારથી લેડીઝના પહેરવેશમાં પુરુષોના પહેરવેશ સમાવા લાગ્યા ત્યારથી તેમાં અવનવી ફેશન ડેવલપ થતી જ રહી છે. સ્ત્રીઓએ જોયું કે ફિલ્મોમાં આવતી અભિનેત્રીઓ પુરુષોની જેમ જ પેન્ટ-શર્ટ પહેરીને એક અલગ જ ઈમેજ ઊભી કરી શકતી હતી. એક સમયની અત્યંત પ્રખ્યાત અભિનેત્રીઓ મધુબાલાથી માંડીને આશા પારેખ જેવી સુપર સ્ટાર અભિનેત્રીઓએ પણ આ પ્રકારના પહેરવેશને ભારતીય સ્ત્રીઓમાં ખૂબ જ લોકપ્રિય બનાવ્યો ને આજે તો જાણે વર્તમાન સમયની લેડીઝ માટે તો જીન્સ, ટી-શર્ટ, શૂઝ જાણે રોજિંદી જરૂરિયાત બની ગયાં છે. પુરુષો પહેરે છે તે પ્રકારનાં વસ્ત્રો પહેરીને સ્ત્રી એક પ્રકારનો આત્મવિશ્વાસ વધારી શકે છે તેવું ફેશન ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા નિષ્ણાતોનું માનવું છે.**

તેમના સર્વે મુજબ સલવાર-કમીઝ કરતાં જીન્સ, ટી-શર્ટ કે મૅન્સવેર ડિઝાઈનનાં વસ્ત્રોમાં સજ્જ લેડીની પર્સનાલિટી કંઈક અલગ જ પડે છે.મૅન્સવેર જેકેટ, સૂટ, શર્ટ, હેટ જેવા કેટલાય વિકલ્પ હોય છે. તેમાં થોડા ફેરફાર કરીને તેને વુમન ફ્રેન્ડલી બનાવીને માર્કેટમાં મૂકવામાં આવે છે. હમણાં હમણાં તો ફેશન વીકની ભરમાર ચાલી રહી છે. જો કે આમ તો બારેમાસ દરેક દિવસ ફેશન વીક જેવું જ બજારનું વાતાવરણ હોય છે.

અવનવા ફેબ્રિક્સ અને

નિતનવી ફેશનની હરિયાળી ચારે બાજુ છવાયેલી છે.

- સ્ત્રીઓને તો એમ પણ લેટેસ્ટ ટ્રેન્ડ સાથે સંકળાવું ગમે છે.

- હાલમાં તો યુવતીઓને રફ ઍન્ડ ટફ લૂક મળે તે માટે જેન્ટ્સ વેરની ડિઝાઈન ક્રિયેટ કરવામાં આવી છે. જે નાજુક કાયાને એકદમ હોટ લૂક આપે છે.

આ પ્રકારના કલેકશનને સ્ત્રીઓમાં લોકપ્રિય બનાવી છે.

લાડકીની વ્હાલી વાચક બહેન-દીકરીઓ!

૨૦ના દાયકામાં મોટા ખિસ્સાવાળો લાંબો કોટ ઘણો લોકપ્રિય બન્યો હતો.

વિન્ટર કલેકશન માટે આવા કોટ પહેલી પસંદગી બને છે.

કોટમાં મુકાતાના મોટા બટન અને કમર પરનો મોટો પટ્ટો કોટની ભવ્યતામાં ઉમેરો કરે છે. આગળ કહ્યું તેમ પુરુષો પહેરે છે તે પ્રકારનાં વસ્ત્રો પહેરીને સ્ત્રી એક પ્રકારનો આત્મવિશ્વાસ વધારી શકે છે તેવું ફૅશન ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા નિષ્ણાતોનું માનવું હોવાનું આ લખનારને એક અભ્યાસ પરથી જાણવા મળ્યું છે.

તોલમોલ કે બોલ

- મનહરલાલે એની પાડોશમાં રહેતા સોમુને પૂછ્યુંઃ

‘દોસ્ત, સોમુ! તું કોઈ કાળી અને કદરૂપી સ્ત્રી સાથે કદી પ્રેમ કરે ખરો…?’ ‘કદી નહી…!’

એકદમ કાળી ઢોલ જેવી સ્ત્રી સાથે પ્રેમ કરે ખરો…?’ હરગિઝ નહીં…! ‘તો પછી દોસ્ત! તું મારી પત્ની સાથે પ્રેમમાં કેમ પડ્યો છે…?’

# સાડીઓની સજાવટનો સ્ટાઈલીશ શણગાર — રેડીમેઇડ સાડી



દરેક છોકરીનું સપનું હોય છે—સાડી પહેરવાનું. સાવ નાની છોકરી હશે જે ભારતમાં જન્મી હશે તેને પણ સાડી પહેરવાની ઈચ્છા થતી હોય છે. ટીચર્સ ડે જેવા પ્રસંગ નિમિત્તે નાની વિદ્યાર્થિની બહેનો સાડી પહેરીને મસ્ત તૈયાર થઈને સ્કૂલે જતી હોય છે. ભારતમાં જન્મેલી કે ભારત સાથે આડકતરો પણ સંબંધ ધરાવતી કોઈ પણીને એક વખત તો સાડી પહેરવાની ઈચ્છા હોય જ છે. લેડી ગાગા જેવી સિંગર પણ ભારત આવે તો સાડી પહેરે છે. સાડી જેવું પરિધાન પહેરવું અઘરું છે પણ એનો ટ્રેન્ડ જતો નથી. તે ફોરેવર એવરગ્રીન પોશાક છે. ભારતીય સંસ્કૃતિનો અતુલ્ય ભાગ છે.ીનાીપણાને ઉજાગર કરતી એન્ટીટી છે. સાડીને સંપૂર્ણ બનાવે છે માટે કોઈ પણીને સાડી આકર્ષક લાગશે.પણ હવે જમાનો બદલાયો છે. દરેક વસ્તુનું ક્લેવર બદલાયું છે. નવી નવી શોધો થાય છે. લોકો પાસે કરવા માટે ઘણી બધી પ્રવૃત્તિઓ છે. સમય ઓછો છે. બધું ફટાફટ જોઈએ છે. શૉ-બિઝનેસનો જમાનો છે. સેલ્ફીઓ તરત અપલોડ કરવાની હોય છે. ઈન્સ્ટા સ્ટોરી હવે મેઈનસ્ટ્રીમ છે. ઈન્ટરનેશનલ મહોત્સવોમાં ભારતીય સેલીબ લોકો હાજરી આપતા હોય છે. આ બધી જગ્યાએ સાડી જોવા મળતી હોય છે. કાશ્મીરથી લઈને ક્ધયાકુમારી સુધી જ સાડી સીમિત નથી રહી. સાડી રશિયા પહોંચી છે, આંદામાન નિકોબારથી થાઈલેન્ડ પહોંચી છે. યુરોપ અને દક્ષિણ અમેરિકામાં પણ સાડી પહોંચી છે. સાડી કોઈ પણ દેશનીીને ગમી જાય એવું પરિધાન છે. પણ બધાને પહેરતા આવડે ખરું? કોઈ શૉમાં કે કોઈ ઈવેન્ટમાં સાડી પહેરવાની હોય ત્યારે શું? એક કરતાં વધુ ડ્રેસ બદલવાના હોય ત્યારે સાડી પહેરતા—બદલાવતા કેટલો બધો સમય જાય. ટ્રેડિશનલ સાડી જે આપણાં શહેરોની બજારમાં વેચાય છે એ સાડી તો ખૂબ સમય માગી લે. માટે જ હવે વન મિનિટ સાડીનો ટ્રેન્ડ આવ્યો છે. રેડીમેઈડ સાડી—જે એક મિનિટની અંદર પહેરી લેવાની. આવી સાડીઓના સ્ટાર્ટ અપ પણ શરૂ થયા છે.મીનાક્ષી યેન્દુરું વન મિનિટ સાડીના નવા માર્કેટમાં જ્વલંત ઉદાહરણ છે. તેઓ આંધ્રપ્રદેશમાં રહેતાં. ત્યાંથી એરિઝોના, અમેરિકા ગયાં. ત્યાં તેમણે જોયું કે ભારતીય ીઓને પાટલી વાળવાની તકલીફ પડે છે. ભારતીયીઓ એટલે કે એનઆરઆઈીઓ આમ પણ સાડી ઓછી પહેરતી હોય છે. સાડી પહેરવાની પ્રેક્ટિસ મુકાઈ ગઈ હોય. જ્યારે સાડી પહેરવાની થાય ત્યારે પાટલી ખોસવાની માથાકૂટ મોટી હોય છે. બર્થડે પાર્ટી, લગ્ન સમારંભ, દાંડિયા રાસ કે સીમંત જેવા પ્રસંગોએ ત્યાંની ીઓ સાડી પહેરતી હોય છે. મૂળ ભારતીયીઓની વિદેશી બહેનપણીઓ પણ મૂડ આવે તો સાડી પહેરવાનો આગ્રહ રાખતી હોય છે. તો આવીીઓ માટે રેડીમેઈડ સાડીઓનો બિઝનેસ ચાલુ કર્યો. આમ પણ મીનાક્ષીને કાપડ, પેટર્ન, કાપડનો પ્રકાર અને સિલાઈનું જ્ઞાન હતું. તો તેમણે પ્રી-સ્ટિચડ સાડીઓ બનાવવાની શરૂઆત કરી દીધી. સિલાઈ માટે જરૂરી માર્ગદર્શન ભારતના અમુક દરજીઓ પાસેથી લીધું. તેણે જોર્જેટ, શિફોન અને સાટીન સાડીઓની સિલાઈ ચાલુ કરી. જો કે તેમણે જ કહ્યું કે કલમકારી જેવી સાડીઓથી હું દૂર રહી છું. તેમણે બિઝનેસ ચાલુ કર્યો એવા તરત એમને ઓર્ડરો મળવા માંડ્યા. લોંચિંગ પહેલા જ એકસો જેટલી સાડીઓની સિલાઈ કરીને આપવાની હતી.આવી રેડી ટુ વેર સાડીઓનો ઉપયોગ ક્યાં થાય છે?

તંત્રી લેખ...

**સોમવાર, તા. ૨૩ માર્ચ ૨૦૨૬**

## કમોસમી વરસાદનો માર; ખેડૂતો હિંમત હારી જશે

આભ વરસે, સમયસર વરસે તો ખેડૂતોને ગમે, પરંતુ ગુજરાતના ખેડૂતો ઉપર વારંવાર આભ તૂટી પડતું હોય તેવું લાગે છે અને તેમની સ્થિતિ એવી થાય છે કે, આભ ફાટે ત્યાં થીગડું ક્યાં દેવું ? ગુરુવારે હજી તો ચૈત્ર માસનો આરંભ થયો, કાળઝાળ ગરમીના દિવસો શરૂ થયા, દનૈયા તપવાનો સમય આવ્યો ત્યાં તો વરસાદે દે ધનાધન કર્યું. ચૈત્રમાં તડકાની તીવ્રતા જેટલી હોય તેના ઉપરથી ચોમાસું કેવું રહેશે તે નક્કી થાય તેના બદલે ચૈત્રના પ્રથમ દિવસે ગુજરાતના અનેક વિસ્તારો ઉપર તોફાની વરસાદ તૂટી પડયો. નુકસાન તો ઘણું થયું તેમાં કૃષિ ક્ષેત્ર મુખ્ય છે. આગામી દિવસોમાં પણ આવી સિસ્ટમ બંધાઈ રહી હોવાના વર્તારા ખેડૂતોને ડરાવી રહ્યા છે. માવઠાંની શક્યતા હતી, પરંતુ તેનું સ્વરૂપ આટલું ભયાનક હશે તેનો કોઈને ખ્યાલ નહોતો. રાજકોટમાં બપોરે જે વરસાદ થયો તે શહેરીજનોએ નજીકના ભૂતકાળમાં જોયો નથી. આકાશમાંથી ૨૦ મિનિટ પાણીને બદલે કરા જ પડયા અને વાવાઝોડાં સાથે તે પ્રક્રિયા થઈ. જામનગર, દ્વારકામાં પણ સ્થિતિ એ હતી. કચ્છમાંય ખડીર-વાગડથી ગઢશીશા પંથક સુધી તોફાની પવન સાથે વરસાદની ઝડી વરસી. પરિણામે ગ્રામ્ય અર્થતંત્રની સામે ફરી એકવાર અનિશ્ચિતતાના પ્રશ્નો ઊભા થઈ ગયા છે. ચૈત્ર કે માર્ચ માસ રવીપાકના પાકવાની ઋતુ ગણાય છે. ખેતરમાં આ પાક ઊભો હતો અને તે લણવાની પ્રક્રિયા તદ્દન નજીકના દિવસોમાં શરૂ થવાની હતી, ત્યાં જ અંતિમ તબક્કે કુદરતે થપાટ મારી. હજી નુકસાનનો અંદાજ તો આવવો મુશ્કેલ છે. કચ્છમાં ઘઉં કાપીને ખડા ખેતરમાં પડયા હતા. એવી જ રીતે બધી જાતના મસાલા, ઈસબગુલ, જીરુંનો તૈયાર પાક મહદઅંશે નષ્ટ થઇ ગયો. અનુભવી ખેડૂતો કહે છે, પાપ કરે કોક ને ભોગવે ખેડૂતનો દીકરો. પ્રદૂષણ, ઔદ્યોગિકીકરણ, જંગલની કટાઇને લીધે ઋતુચક્ર ખોરવાયું છે. ગ્લોબલ વૉર્મિંગનો પ્રશ્ન ગંભીર છે. એટલે સમયાંતરે કવેળા મોસમનો માર વેઠવો પડે છે. કચ્છ-સૌરાષ્ટ્રમાં ઘઉં, ચણા, જીરું અને ધાણાના પાકમાં નુકસાન થયું છે. કપાસનું વાવેતર પણ ક્ષતિ પામ્યું છે. ઘઉંનું નુકસાન વધારે છે. જીરું અને ચણાના પાકને તો ૫૦ ટકા જેટલું નુકસાન થયાની વાત છે. રાજકોટના બેડી પાસેના માર્કેટિંગ યાર્ડમાં મગફળીનો જથ્થો તણાતો હોવાનાં દશ્યો સામાન્ય માણસને પણ રડાવી દે તેવાં છે. ખેડૂતો માટે આ ફક્ત આંકડા નથી, પરંતુ આખાં વર્ષનો પરસેવો માવઠું તાણી ગયું છે. કેરીના પાકને પારાવાર નુકસાન થયું છે. બે અઠવાડિયા પછી કેસર કેરી યાર્ડ અને બજારમાં આવવાની શરૂ થાય. એ સિવાય મોટાભાગના વિસ્તારોમાં પડેલા વરસાદે વીજથાંભલા અને વૃક્ષોને નુકસાન કર્યું છે. ચોમાસું નબળું જાય કે અતિવૃષ્ટિ થાય અને જે નુકસાન જાય તેનાથી ખેડૂત ટેવાયેલા હતા, પરંતુ આ માવઠાં, વર્ષમાં બેથી ત્રણવાર વરસતો વરસાદ એ કુદરત સાથે મનુષ્યો દ્વારા થયેલાં ચેડાંનું, ગ્લોબલ વૉર્મિંગ - જળવાયુ પરિવર્તનનું પરિણામ છે. ગયા ઓક્ટોબર-નવેમ્બરમાં વરસાદ પડયો હતો તેને લીધે નુકસાન થયું હતું. સરકારે સહાય તો કરી હતી, પરંતુ પૈસાથી નષ્ટ થયેલું ધાન થોડું ઊગે ? આ વર્ષે હજી આખો ઉનાળો બાકી છે ત્યાં આ માવઠું થયું છે. નુકસાન છે. ખેડૂતોની માઠી દશા છે. હવે પાક પદ્ધતિ, ઋતુચક્ર જેવી બાબતે વિજ્ઞાની દૃષ્ટિકોણથી વિચારવું પડશે. સરકાર નુકસાનીનો સર્વે કરીને ખેડૂતોને યોગ્ય વળતર આપશે તો ખેતી ટકી શકશે. આમે પણ ઔદ્યોગિકીકરણ અને લેન્ડ ડેવલપિંગના લીધે ખેતરો વેચાઇ રહ્યા છે. આવી કુદરતી થપાટ ખેતીમાં પડકાર હોવા છતાં ટકી રહેવાના ખેડૂતોનો નિર્ધાર ડગાવી મૂકે છે.

## સાંસદોને ગરિમાપૂર્ણ ગૂડબાય

રાજ્યસભામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રવચને ફરી એકવાર સાંસદોના હૃદયને સીધો સ્પર્શ કર્યો, જે સાંસદોની કાર્યાવધિ સંપન્ન થઈ, તેમને વિદાય આપતાં પીએમે કહ્યું કે, ભલે અહીંથી તેઓ જાય, પરંતુ રાજનીતિમાં ક્યારેય કોઈ પૂર્ણવિરામ હોતું નથી. રાજ્યસભા - અપર હાઉસના સદસ્યોને ગરિમાપૂર્ણ રીતે આજે વિદાય અપાઈ. સ્વાભાવિક રીતે તમામ પક્ષના સદસ્યો ત્યાં હતા અને નિવૃત્ત થનારમાં પણ વરિષ્ટ સદસ્યો વિવિધ પક્ષોનું પ્રતિનિધિત્વ કરે છે. રાજ્યસભામાં બુધવારનો દિવસ હળવાશ અને મજાક-મશ્કરીનો બની રહ્યો તેની વચ્ચે વડાપ્રધાનના વક્તવ્યએ વિશિષ્ટ છાપ છોડી. સદનમાં રાજ્યસભાના સાંસદોને સંબોધન કરતાં વડાપ્રધાને કહ્યું કે, આજે કેટલાક સદસ્યો નિવૃત્ત થઈ રહ્યા છે. તેઓ ભલે અહીંથી જાય, પરંતુ રાજનીતિમાં તો તેમનું કાર્ય બોલશે. રાજનીતિમાં ક્યારેય પૂર્ણવિરામ હોતું નથી. પ્રત્યેક સદસ્યની પોતાની ભૂમિકા હોય છે. પોતાનું યોગદાન રહેતું હોય છે. આજે જેમનો કાર્યકાળ પૂર્ણ થયો તેમાં વરિષ્ટ સદસ્યો કોંગ્રેસ રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, એચ.ડી. દેવેગૌડા સહિતના સદસ્યો પણ હતા. આ ઉપરાંત અન્ય સદસ્યોને સંબોધન

કરતાં વડાપ્રધાને આ વાત કરી હતી. કોઈ રાજકીય મુદ્દે અત્યંત ઉગ્ર પ્રવચન કરતા, પણ આપણે વડાપ્રધાનને સાંભળ્યા છે, વિપક્ષને તેઓ સંસદની બહાર અને અંદર જરૂર પડયે દષ્ટાંતો અને આંકડાઓ, જૂના પત્રવ્યવહારોને ટાંકીને ઝાટકી નાખતા હોય છે, પરંતુ પ્રસંગોપાત પ્રવચન તેમનું કૌશલ્ય છે. સાંસદોને પૂર્ણ સન્માન સાથે તેમણે વિદાય કર્યા અને ભવિષ્યમાં તેમના અનુભવનો લાભ દેશને મળતો રહેશે તેવી આશા વ્યક્ત કરી. સાથે જ કેટલીક હળવી પળોનો અનુભવ રાજ્યસભામાં થયો તે પણ સદસ્યોને યાદ રહેશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દેવેગૌડા સાથે મજાક કરતાં કહ્યું કે, તેઓએ પ્રેમ કોંગ્રેસને કર્યો અને લગ્ન ભાજપ સાથે કરી લીધાં. થોડા ગંભીર થયેલાં વાતાવરણમાં હાસ્યની લહેર ફેલાઈ ગઈ. સામે દેવેગૌડાએ જવાબ પણ આપ્યો કે, કોંગ્રેસ સાથેનો તેમનો સંબંધ તો મજબૂરીનો સંબંધ હતો. બજેટ સત્રમાં ગૃહમાં અનેક મુદ્દા ચર્ચાયા. વિપક્ષે અનેક મુદ્દે શાસકોને ઘેર્યા. લોકસભા અને રાજ્યસભા કે સમગ્ર સંસદીય પ્રણાલી અને પ્રક્રિયા હોય છે જ રાષ્ટ્રના પ્રશ્નો, પ્રજાની સમસ્યાની ચર્ચા માટે અને દેશના વિકાસનો માર્ગ નક્કી કરવા માટે. ભિન્ન મત તો લોકશાહીનો આત્મા છે. તેની સાથે જ પરસ્પર ગરિમા, સન્માન પણ જળવાવા જોઈએ. વિવિધ માધ્યમો ઉપર વાયરલ થતા વીડિયોમાં પૂર્વ વડાપ્રધાનો, નેતાઓ વચ્ચેના આવા સંવાદો આપણને જોવા-સાંભળવા મળે છે. બુધવારે ૨૦૨૬નાં સત્રમાં પણ એવાં દશ્યો જોવા મળ્યાં.

કરતાં વડાપ્રધાને આ વાત કરી હતી. કોઇ રાજકીય મુદ્દે અત્યંત ઉગ્ર પ્રવચન કરતા, પણ આપણે વડાપ્રધાનને સાંભળ્યા છે,

**પાંચ-પચ્ચીસ મિનિટ સૂત્રોચ્ચાર કરીને શિયાઓ વેરાઈ ગયા તેમાં કોઈએ નોંધ ના લીધી પણ પાકિસ્તાનમાં આ મામલે ભડકો થઈ ગયો છે.**

# પાકિસ્તાનમાં શિયાઓનો આક્રોશ ભારતને ફળી શકે

## આરબ દેશોના ઈશારે શિયાઓનો ખાતમો કરી દેવા માટે અમેરિકા-ઈઝરાયલ તૂટી પડ્યાં છે

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે દુનિયાભરમાં રમઝાન ઈદની ઉજવણી થઈ અને આ ઉજવણી પર યુદ્ધનો ઓછાયો પડી ગયો. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાનના યુદ્ધના મૂળમાં શિયા અને સુન્નીઓની દુશ્મનાવટ છે. દુનિયાભરના શિયાઓ માને છે કે, કટ્ટરવાદી સુન્ની આરબ દેશોના ઈશારે અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર આક્રમણ કર્યું ને શિયા સંપ્રદાયના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ ખામેનીની હત્યા કરી નાંખી. આ કારણે શિયાઓ અમેરિકા અને ઈઝરાયલ સામે આક્રોશ ઠાલવી રહ્યા છે. રમઝાન ઈદની ઉજવણી વખતે પણ આ આક્રોશ વ્યક્ત થયો. ઈરાનમાં અમેરિકા ને ઈઝરાયલ બોમ્બ વરસાવી રહ્યાં છે તેથી ઈદની ઉજવણી જેવું કશું છે જ નહી પણ દુનિયામાં બીજે ઘણે ઠેકાણે શિયાઓએ અમેરિકા-ઈઝરાયલ સામે આક્રોશ વ્યક્ત કર્યો. ભારતમાં પણ અમદાવાદ, ભોપાલ સહિત ઘણાં સ્થળે શિયા મુસ્લિમોએ રમઝાન ઈદની નમાઝ પછી ઈઝરાયલ-અમેરિકા મુર્દાબાદના નારા લગાવ્યા અને ખામેનીના હત્યારાઓને ઠેકાણે પાડીને બદલો લેવાની કસમો પણ ખાધી.

ભારતમાં શિયાઓની વસતી બહુ નથી તેથી પાંચ-પચ્ચીસ મિનિટ સૂત્રોચ્ચાર કરીને શિયાઓ વેરાઈ ગયા તેમાં કોઈએ નોંધ ના લીધી પણ પાકિસ્તાનમાં આ મામલે ભડકો થઈ ગયો છે. પાકિસ્તાનમાં ખામેનીના મોત પછી ઉકળતો ચરૂ છે અને પાકિસ્તાનના ઘણા શહેરોમાં ઉગ્ર દેખાવો થઈ રહ્યા છે. કરાચીમાં તો શિયા મુસ્લિમોના ટોળાએ અમેરિકી દૂતાવાસમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. દૂતાવાસની સુરક્ષા સંભાળતા અમેરિકી મરીને શિયાઓ પર ગોળીબાર કરીને ૧૦ લોકોના ઢીમ ઢાળી દેતાં ઠંડા થઈ ગયેલા શિયાઓ ફરી અમેરિકાની ઓફિસો તરફ વળ્યા નથી પણ બીજે દેખાવો થઈ રહ્યા છે. ઈસ્લામાબાદમાં રોજ શિયાઓ કંઈ ને કંઈ ઉધમાત કરે છે ને તેમને રોકવા માટે પોલીસે ટીયર ગેસના શેલ છોડવા પડે છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનના સ્કારદુમાં તો ટોળાએ સંયુક્ત રાષ્ટ્રની એક ઓફિસને આગ ચાંપી દીધી હતી. ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં તોફાનો ફાટી નિકળ્યાં તેમાં પણ ઘણાં લોકોનાં મોત થયાના અહેવાલ છે. ટૂંકમાં ખામેનીના મોતના કારણે પાકિસ્તાનમાં મામલો ગરમ છે ત્યાં પાકિસ્તાનના લશ્કરી વડા ફિલ્ડ માર્શલ આસિમ મુનીરે શિયા ધર્મગુરુઓને ખુલ્લી ધમકી આપતાં શિયા વધારે ભડક્યા છે. રાવલપિંડીમાં શિયા સમુદાયની ઈફ્તાર પાર્ટીમાં અસીમ મુનિરે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં થયેલી હિંસા માટે શિયા મુસ્લિમોને જવાબદાર ગણાવ્યા તેમાં તડાફડી થઈ ગઈ. શિયા ધર્મગુરુ મોહમ્મદ શિફા નજફીએ મુનીરની વાતનો વિરોધ કરીને એવું કહ્યું કે, બધા શિયાઓને હિંસાની ઘટનાઓ માટે જવાબદાર ઠેરવવા યોગ્ય નથી. આ વાત સાંભળીને અકળાયેલા મુનિરે શિયા ધર્મગુરુઓને સીધા કરી દેવાની ધમકી આપીને કહ્યું કે, શિયાઓને ઈરાન પર બહુ હેત ઉભરાતું હોય તો ઈરાન જતા રહે, પાકિસ્તાનના દરવાજા ખુલ્લા જ છે. મુનિર ઈફ્તાર પાર્ટી છોડીને પણ જતા રહ્યા તેથી શિયા વધારે બગડ્યા છે. મુનિરે શિયાઓનું અપમાન જ ના કર્યું પણ તેમની દેશભક્તિ સામે પણ શંકા ઉઠાવીને તેમને ગદ્દાર સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે એવું તેમને લાગે છે. આ કારણે શિયા ધર્મગુરુઓ અને આગેવાનો મુનિરના માથે માછલાં ધોઈ રહ્યા છે અને મામલો ગરમ છે. પાકિસ્તાનમાં શિયા વર્સીસ સુન્નીનો ઝઘડો નવો નથી. દુનિયામાં બધે સુન્નીઓ શિયાઓને સાફ કરી દેવા માગે છે એ રીતે પાકિસ્તાનમાં પણ સુન્નીઓ શિયાઓનો સફાયો કરી દેવા માગે જ છે પણ શિયાઓની વસતી મોટી હોવાથી ફાવતા નથી. ઈરાન પછી સૌથી વધારે શિયા પાકિસ્તાનમાં છે. પાકિસ્તાનની કુલ વસ્તીના લગભગ ૧૫ ટકા એટલે કે ૩.૭૭ કરોડ શિયા મુસ્લિમ છે અને પાકિસ્તાનની મુસ્લિમ વસતીમાં તો શિયાઓનું પ્રમાણ ૨૫ ટકાની આસપાસ છે. પાકિસ્તાનમાં શિયાઓના મેળાવડા, મસ્જિદો અને ધાર્મિક સ્થળો પર સતત હુમલા થાય છે. સુન્ની કટ્ટરવાદી જૂથો લશ્કર-એ-ઝાંગવી (LeJ) y™u ISIS (ISKP) ના બગબલચ્ચાં જેવાં સંગઠનો શિયાઓને પતાવી દેવા સતત મથ્યા કરે છે. પાકિસ્તાનના ક્વેટામાં શિયા મુસ્લિમોના હાજરા સમુદાયની મોટી વસતી છે. આ હજારા સમુદાયને ટાર્ગેટ કરીને સૌથી વધારે હુમલા થાય છે. શિયા વર્સીસ સુન્ની જંગ એ રીતે નવો નથી પણ અત્યારે શિયાઓમાં જે આક્રોશ છે એ અલગ પ્રકારનો જ છે અને ભારત તેનો ફાયદો ઉઠાવી શકે છે. અત્યારે શિયાઓને એવું લાગી રહ્યું છે કે, આરબ દેશોના ઈશારે શિયાઓનો ખાતમો કરી દેવા માટે અમેરિકા-ઈઝરાયલ તૂટી પડ્યાં છે અને પાકિસ્તાન પણ કાવતરામાં ભાગીદાર છે. પાકિસ્તાન પહેલાં ઈરાન અને સાઉદી અરેબિયા સહિતના આરબ સુન્ની દેશો વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરતું હતું પણ અત્યારે ખુલ્લેઆમ સાઉદી અરેબિયા અને તેના સાથીઓને ટેકો આપે છે. પાકિસ્તાન અમેરિકાના પડખામાં પણ ભરાઈ રહ્યું છે અને શિયા મુસ્લિમો અમેરિકાને સૌથી મોટો દુશ્મન માને છે કેમ કે અમેરિકા શિયાઓની સૌથી વધારે વસતી ધરાવતા ઈરાનમાંથી શિયાઓની સરકાર હટાવીને પોતાની કઠપૂતળી જેવી સરકાર બેસાડવા માગે છે. ભૂતકાળમાં અમેરિકાએ શિયાઓની બહુમતી ધરાવતા ઈરાકમાં આ જ ખેલ કરીને સદ્દામ હુસૈનને બેસાડી દીધા હતા. સદ્દામે અમેરિકાના ઈશારે શિયાઓની કત્લેઆમ કરવામાં કોઈ કસર નહોતી છોડી. અમેરિકા સીરિયા, લેબેનોન વગેરે શિયા મુસ્લિમોની નોંધપાત્ર વસતી ધરાવતા દેશોમાં પણ એ ખેલ કરી રહ્યું છે પણ ઈરાનમા ફાવ્યું નથી. હવે અમેરિકા ઈરાનમાં ફાવી જાય ને શિયા સરકારને હટાવી દે તો દુનિયામાં શિયાઓનો કોઈ દેશ ના રહે ને તેમના અસ્તિત્વ સામે ખતરો આવી જાય. આ કારણે દુનિયાભરના શિયા મુસ્લિમો અમેરિકાને નફરત કરે છે. પાકિસ્તાન પણ અમેરિકાનું પ્યાદુ બની રહ્યું હોવાથી પાકિસ્તાનના શિયાઓ પણ પાકિસ્તાન સરકાર અને લશ્કરની વિરુદ્ધ છે. ભારત તેમના આક્રોશને ભડકાવીને પાકિસ્તાનમાં પ્રચંડ આંદોલન ઊભું કરી શકે છે. ભારત માટે અત્યારે લોહા ગરમ હૈ, માર દો હથોડા જેવી સ્થિતિ છે. પાકિસ્તાનમાં શિયાઓની વસતી કોઈ એક ઠેકાણે નથી પણ બધે વહેંચાયેલી છે તેથી રાષ્ટ્રવ્યાપી આંદોલન થઈ શકે છે. શિયાઓના આક્રોશના કારણે ભારત પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં પણ પાકિસ્તાન વિરોધી માહોલ પેદા કરી શકે ને ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં તો પાકિસ્તાને ઉભી પૂંછડીએ ભાગવું પડે એવી સ્થિતિ સર્જી શકે કેમ કે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં શિયાઓની વસતી બહુ વધારે છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં જ અત્યારે સૌથી વધારે હિંસા થઈ છે એ જોતાં ભારત માટે સાનુકૂળ સંજોગો છે. બીજા કોઈ દેશમાં હિંસા ફેલાવવી યોગ્ય નથી પણ પાકિસ્તાનમાં હિંસા ફેલાવવામાં કશું ખોટું નથી કેમ કે પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવીને નિર્દોષ લોકોની હત્યાઓ કરે છે. આ આતંકવાદને રોકવા ભારતે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માંથી પાકિસ્તાનને ભગાડવું જરૂરી છે કેમ કે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે) આતંકવાદનું લોંચ પેડ છે.

**કથા જ્યાં પણ હોય મહામંડપે ટૂંકો પડે.**

# કલમનવેશો સાથે મોરારિબાપુનો અનોખો અનુબંધ

- કથા જ્યાં પણ હોય મહામંડપે ટૂંકો પડે. સુધારાવાદી વિચારો પ્રત્યેની દૃઢતા અને માત્ર બોધ આપીને બેસી રહેવાને બદલે સ્વકર્મી બનીને ત્વરિત પગલાં લેવાની પહેલ મોરારિબાપુને નોખા તારવે છે.

ક્રિકેટની પીચ પર બોલર લાગલગાટ ત્રણ વિકેટ લે તેને હેટ્રિક કહેવાય. કચ્છ અને રામકથાને સંબંધ છે ત્યાં સુધી મોરારિબાપુએ એક નહી, ડબલ હેટ્રિક કરી છે. ૨૦૨૧થી ૨૦૨૬ સુધી સળંગ છ વર્ષ આ ધરતી પર જય સિયારામનો આહ્લેક જગાવ્યો છે. ૨૦૨૧માં માનસ વ્રજવાણી, ૨૦૨૨માં ધોળાવીરા, ૨૦૨૩ નખત્રાણા પાસે માનસ અક્ષયતૃતીયા કથા, ૨૦૨૪માં રવેચી ભૂમિ પર માનસ મનોરથ, ગયાં વર્ષે ૨૦૨૫માં કોટેશ્વર-નારાયણ સરોવરમાં માનસ કોટેશ્વર અને ૨૦૨૬માં ફરી એકવાર માધાપરની પાવન-શૌયવંતી ધરતી. એનઆરઆઈની ડિપોઝિટોને લીધે ગુજરાતનું સમૃદ્ધ માધાપર સંસ્કાર અને આધ્યાત્મમાં વધુ સમૃદ્ધ થશે. મોરારિબાપુએ દાયકાઓથી સમાજમાં ક્રાંતિ અને ચેતના જગાવવાનું મિશન ઉપાડયું છે. કોઇ ખૂણે સારી પ્રવૃત્તિ થતી હોય એને સપોર્ટ કરવો, લાખો શ્રોતાઓ સુધી પહોંચાડવાનો તેમનો સ્વભાવ. તેમને સદ્ભાવનાના બ્રાન્ડ એમ્બેસેડરે કહી શકાય. વંચિત સમુદાયોની ચિંતા કરે એટલે દાતાઓની છાની મદદ પહોંચ્યાના અનેક દાખલા... કચ્છમિત્ર સાથેની એક જૂની મુલાકાતમાં મોરારિબાપુને તેમના વાણીના પ્રભાવનું કારણ પૂછ્યું... જવાબ હતા... આ કોઇ જાદૂ નથી, શ્રદ્ધા છે. જે કોઇ પ્રભાવ છે તે રામચરિત માનસનો છે. મારી વાણીનો આ પ્રભાવ નથી. રામચરિત માનસે લોકોનાં માનસ ઉપર ઘેરી છાપ ઊભી કરી છે, શ્રોતાઓને જબરજસ્ત આકર્ષણ છે. મોરારિબાપુ અને શ્રોતાઓનો અનુબંધ વધતો ચાલ્યો છે.

કથા જ્યાં પણ હોય મહામંડપે ટૂંકો પડે. સુધારાવાદી વિચારો પ્રત્યેની દૃઢતા અને માત્ર બોધ આપીને બેસી રહેવાને બદલે સ્વકર્મી બનીને ત્વરિત પગલાં લેવાની પહેલ મોરારિબાપુને નોખા તારવે છે. બાપુની રામકથાઓ, કાર્યક્રમોની સમીક્ષા કરીએ તો કેટકેટલાય વિષયો નીકળી પડે. ખૂબી એ છે કે, કેટલાય સંપ્રદાય, સમાજના જુદા- જુદા ખૂણાઓમાં તેમની હાજરી હોય ત્યારે તે બધા એવું જ સમજે કે મોરારિબાપુ અમારા... કચ્છમાં એમનો કાર્યક્રમ રચાય એટલે કચ્છ સાથેના બાપુના વિશેષ અનુરાગની ચર્ચા થાય. નિ:સંદેહ કચ્છની ધરતી પર એમની યાદગાર રામકથાઓ થઈ છે. માતાના મઢ અને હાજીપીરની કથામાં કોમી એકતાનો જબરજસ્ત સંદેશ દુનિયાને મળ્યો હતો. મોરારિબાપુ સાથે આ લખનારને જેટલું અને જ્યારે સંપર્કમાં આવવાનું થયું ત્યારે એક વાત નોંધી છે અને તે છે કલમનવેશો સાથે, ખાસ તો જન્મભૂમિ ગ્રુપ સાથેની તેમની આત્મિયતા. પત્રકારત્વ વિશેના તેમના વિચારોએ બિલકુલ સ્પષ્ટ છે. પત્રકારત્વ ક્ષેત્રના અથવા તો અખબાર ગ્રુપ સંકળાયેલું હોય એવા ત્રણ સૌથી મોટા એવોર્ડ માત્ર ને માત્ર મોરારિબાપુના હસ્તે એનાયત થાય છે. એક હરીન્દ્ર દવે એવોર્ડ, નગીનદાસ સંઘવી પ્રેરિત નચિકેતા એવોર્ડ અને ફૂલછાબ એવોર્ડ. ફૂલછાબના પૂર્વ તંત્રી કૌશિક મહેતા સાથેની ચર્ચામાં ભૂતકાળના પૃષ્ઠો ઊથલાવ્યાં અને રસપ્રદ માહિતી ઊભરી આવી, જન્મભૂમિ ગ્રુપ સાથેનો મોરારિબાપુનો સંબંધ જન્મભૂમિના પ્રસિદ્ધ તંત્રી-સાહિત્યકાર હરીન્દ્ર દવે અને ફૂલછાબના તંત્રી હરસુખ સંઘાણીના સમયથી. ફૂલછાબને ૭૫ વર્ષ થયાં ત્યારે મોટાપાયે ઉજવણી થઇ હતી અને પૂર્ણાહુતિ કાર્યક્રમમાં મોરારિબાપુની વિશેષ ઉપસ્થિતિ હતી, એ પહેલાં મુંબઇ ખાતે ત્રણ દિગ્ગજ પત્રકાર-લેખક હરીન્દ્ર દવે, સુરેશ દલાલ અને હરકિશન મહેતા સાથે મોરારિબાપુનો જાહેર સંવાદ યોજાયો હતો. જન્મભૂમિ ગ્રુપના મુખ્ય તંત્રી કુન્દન વ્યાસ મહુવા ખાતે અસ્મિતા પર્વમાં ભાગ લઇ આવ્યા છે. હરીન્દ્ર દવેનાં નિધન પછી પત્રકારત્વમાં તેમનાં નામનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ સુરેશ દલાલના પ્રયોજનથી શરૂ થયો અને પ્રારંભથી અત્યાર સુધી સંભવતઃ દરેક એવોર્ડ (આ લખનાર સહિત) બાપુના હસ્તે એનાયત થયા છે. નગીનદાસ સંઘવી સાથે બાપુનો નિકટનો સંબંધ. નગીનદાસભાઇની શતાબ્દી ઉજવણી રાજકોટ ખાતે થઇ, ત્યારે આ લખનારે હાજર. બાપુના હસ્તે એ ખમીરવંતા પત્રકારનું રૂા. ૧૧ લાખની થેલી સાથે સન્માન થયું. નગીનભાઇએ એ રકમ માથે અડાડીને પત્રકારત્વ સન્માન માટે અર્પણ કરી દીધી. 'નચિકેતા' એવોર્ડ થરૂ થયો. આજે રૂા. ૧.૨૫ લાખની રકમની દૃષ્ટિએ 'નચિકેતા' એવોર્ડ સૌથી મોટો છે. એ જ રીતે સામાજિક ક્ષેત્રે નોંધનીય પ્રદાન માટે સૌરાષ્ટ્રના શ્રેષ્ઠીઓને અપાતો ફૂલછાબ એવોર્ડ સવા દાયકાથી વધુ સમયથી મોરારિબાપુની ઉપસ્થિતિમાં તેમના હસ્તે જ આપવાની જાણે કે પરંપરા સ્થપાઇ ગઇ છે એ ઉપરાંત ફૂલછાબના પૂર્વ તંત્રી અને સર્જક ઝવેરચંદ મેઘાણીનાં નામ સાથે સંકળાયેલા મેઘાણી એવોર્ડના કાર્યક્રમમાં પણ બાપુ મોટાભાગે હાજર રહે જ છે. કચ્છની ધરતી પર ૩૬મો રામકથા-જ્ઞાનયજ્ઞ શરૂ કરનારા બાપુને જય સિયારામ! - પત્રકારો-સર્જકોને માન-સન્માન આપવાની વ્યાસપીઠની નોખી પરંપરા : સાક્ષરોનું સન્માન કરે એ સભા સંસ્કૃતજનોની હોય છે.

શહેનશાહ અકબર અને વિક્રમાદિત્યના દરબારમાં સાહિત્ય સર્જકો-કલાકારોને માનપાન મળતું. આજે મોરારિબાપુની વ્યાસપીઠ એ કામ કરી રહી છે. લેખક-પત્રકારો-કવિઓ-કલાકારોને બાપુના આશીર્વાદ મળે છે. અસ્મિતા પર્વમાં દિલ્હીથી તલગાજરડા પહોંચ્યો. કાર્યક્રમમાં પત્રકાર તરીકેની કારકિર્દી, કામગીરીના વિચારો વ્યક્ત કર્યા ત્યારે બાપુ શ્રોતાઓ વચ્ચે અદના શ્રોતા બનીને સામે બેઠા હતા. પ્રવચન પૂરું કરીને જગ્યા પર ગયો ત્યારે બાપુના સ્વહસ્તાક્ષરમાં ચિઠ્ઠી મળી... 'અનુભવ અને અભ્યાસસિદ્ધ અભિવ્યક્તિ - આશીર્વાદ.' કુન્દનભાઇ કહે છે, આ પ્રોત્સાહક શબ્દો તેમને મન પદ્મ કરતાંય કિંમતી સન્માન છે. મોરારિબાપુએ નિષ્ઠાવાન પત્રકારોને માન આપ્યું છે. અખબારનાં પાના નહીં, પનો જોવાય... એમ કહેતાં તેમણે પત્રકારોને શીખ આપી છે કે, ગંદવાળ પરની માખી નહીં, મધમાખી જેવા બનજો... સારો રસ ચૂસીને સમાજને મધુર રસ પીરસજો...

**યુરોપમાં તેલની ભારે અછત થઈ. બ્રિટનમાં તો રેશનિંગ કરવું પડયું...**

# વામન વિરાટને હંફાવે છે...

**બ્રિટન માટે તો આ નહેર તેના સામ્રાજ્યની લાઇફલાઇન બની ગઈ. ભારત આવવા માટે પશ્ચિમ એશિયાથી તેલ પુરવઠો સરળ બની ગયો. ૧૯૫૦ સુધી હ્રસુએઝ કેનાલ કંપની સરકાર'ના તાબામાં હતી.**

અમેરિકાના પ્રેસિડન્ટ ડૉનાલ્ડ ટ્રમ્પે ઈરાન ઉપર આક્રમણ શા માટે કર્યું ? આક્રમણ શરૂ કર્યા પછી ખુલાસો કર્યો કે છેલ્લાં ૪૭ વર્ષથી ઈરાનના શાસકો અમેરિકાને આતંકનું નિશાન બનાવી રહ્યા છે અને હવે અણુશત્રો બનાવી રહ્યાં હોવાથી અમેરિકા ઉપર ગમે ત્યારે હુમલો થવાની શક્યતા છે! ટ્રમ્પનો આ ખુલાસો કોઈના પણ ગળે ઊતરે, એવો નથી. અણુશત્રોની તૈયારી રોકવા માટે ઈરાન સાથે પરોક્ષ વાતચીત થઈ રહી હતી ત્યાં જ અમેરિકાએ ઈરાન ઉપર અચાનક આક્રમણ કર્યું અને તેના સર્વોચ્ચ નેતા - શાસક અને અધિકારીઓની હત્યા થઈ. ટ્રમ્પનો વ્યૂહ ઈરાનમાં શાસનતંત્ર જ બદલી નાખવાનો હતો અને છે. મૂળ તો તેલના ભંડાર ઉપર નજર છે ! અમેરિકાની ગણતરી એવી હતી કે ઈરાન લડી નહીં શકે. શરણાગતિ સ્વીકારશે પણ ગણતરી ઊંધી પડી. ઈરાનનો વ્યૂહ અમેરિકા અને ઈઝરાયલને થકાવી દેવાનો હતો. લડાઈ લાંબી ચાલી છે. આ દરમિયાન ઈઝરાયલ વધુ આક્રમક છે. આરબો સામે વેર વાળવાની તક મળી છે તેથી અમેરિકા કરતાં વધુ હુમલા કરે છે. હોર્મુઝ ખાડી બંધ થયા પછી ઈઝરાયલે ઈરાનના તેલ ક્ષેત્ર ઉપર હુમલો કરીને આગ લગાડી તેના જવાબમાં ઈરાને અમેરિકાના વફાદાર ગણાતા અખાતી દેશોમાં ગૅસ-તેલ ક્ષેત્રો ઉપર ભારે હુમલા કરીને ભડકે બાળ્યાં. આખરે ટ્રમ્પે કહેવું પડયું કે ઈરાનના તેલ ક્ષેત્રમાં થયેલા હુમલામાં અમારો હાથ નથી. ટ્રમ્પે ઈઝરાયલને તાકીદ કરી કે તેલ ક્ષેત્ર ઉપર હુમલા નહીં. ઈરાનનો વ્યૂહ - અમેરિકા ઉપર સીધા આક્રમણને બદલે અખાતમાં તેનાં લશ્કરી મથકો ઉપર હુમલા કરવાનો હતો - જેનો અંદાજ ટ્રમ્પને નહોતો ! હવે તેલ ક્ષેત્રો ભડકે બળ્યાં ત્યારે ચોંકી ઊઠયા. લડાઈનું લક્ષ્ય બદલાયું. ગૅસ - તેલના ભંડાર ભડકે બળે તો વિશ્વભરમાં હાહાકાર થાય. એશિયા-યુરોપમાં ભાવવધારા થાય. અનાજ ઉત્પાદન ઉપરાંત સમગ્ર અર્થતંત્ર ખોરવાઈ જાય! હવે ટ્રમ્પ આગ બુઝાવી શકશે? ઈરાનમાં શાસન બદલી શક્યા નથી. શરણાગતિ થઈ નથી. જંગી શરતો સામે ઈરાનનાં ડ્રોન સફળ થયા છે ! ઈરાનમાં લોકોનો બળવો થવાને બદલે આયાતોલ્લાહ શાસનના સમર્થનમાં લાખો લોકો બહાર આવ્યા છે. હવે અમેરિકાએ ઈઝરાયલને અંકુશમાં રાખવું પડશે! ટ્રમ્પે ઈઝરાયલના દબાણમાં આવીને આક્રમણ કર્યું હોવાની માહિતી ટ્રમ્પની નાલેશી છે! હવે ઈરાનની ભૂમિ ઉપર અમેરિકી સૈનિકો ઉતારવામાં આવે તો વિયેતનામ જેવી દશા થાય! આથી અમેરિકા અને ઈરાન - બન્નેને માન્ય હોય એવા નેતાની મધ્યસ્થી સ્વીકારવી પડે. ડિપ્લોમસી-સંવાદથી નિરાકરણ થાય. પણ ઈરાનને અમેરિકા-ઈઝરાયલના સંભવિત આક્રમણ સામે રક્ષણ-ગેરન્ટી મળે તો જ લડાઈ બંધ થઈ શકે. ઈરાને પણ વિશ્વને તેલ-ગૅસની ભયંકર કટોકટીમાંથી ઉગારવું પડે. હોર્મુઝમાં પ્રવેશ - નિશ્ચિત ફી સાથે મળે તો જ વિશ્વની આર્થિક કટોકટી ટાળી શકાય. આ સમાધાન શક્ય છે? આ અગાઉ અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખનું અપહરણ કરીને હાથકડી પહેરાવી ન્યૂ યૉર્કના રાજમાર્ગ ઉપર અદાલત સુધી 'પદયાત્રા' કરાવવામાં 'સફળતા' બતાવી હતી. તેનું પુનરાવર્તન ઈરાનમાં કરવા માગતા હતા પણ એમના 'હાથ' ભલે લાંબા હોય - શક્તિ મર્યાદિત છે એવું ભાન ઈરાને કરાવ્યું છે! આક્રમણ અનિવાર્ય હોવાની ખાતરી ટ્રમ્પ કરાવી શક્યા નથી અને હવે ઈજ્જત તથા બહાદુરી સાથે પીછેહઠ કરવાનો વ્યૂહ પણ નથી. અલબત્ત ઈરાને તો પહેલેથી જ કહ્યું છે કે અમેરિકા આખરે દાવો કરશે કે અમારો વિજય થયો છે અને 'બહાદુરીપૂર્વક' પીછેહઠ કરશે... પણ આ લખાય છે ત્યાં સુધી લડાઈ બંધ થવાની આશા દેખાતી નથી. અમેરિકાનું ઍરફોર્સ - વિમાની દળ અજોડ અને અજેય ગણાય છે. બૉમ્બમારા - બૉમ્બવર્ષા ખૂબ કરી છે અને ખાનાખરાબી - વિનાશ પણ કર્યો છે. લોકોને સમજાવવાના પ્રયાસ અને પ્રચાર કર્યો કે તમને આઝાદી અપાવવા માગીએ છીએ - પણ ઈરાનમાં રાષ્ટ્રવાદ પ્રબળ છે. શાસકો-ની હત્યા થયા પછી અંતિમયાત્રામાં લાખ્ખો લોકોએ જોડાઈને અમેરિકાના પ્રચારનો જવાબ આપ્યો છે. અમેરિકાએ બેફામ, બેજવાબદાર રીતે હૉસ્પિટલો અને ગર્લ્સ સ્કૂલ ઉપર બૉમ્બમારો કર્યો. ૧૬૮ વિદ્યાર્થિનીઓ અને ૧૪ શિક્ષકો માર્યા ગયા. આ પછી 'આઝાદી'ની લૉલીપૉપ સ્વીકારવા ઈરાનીઓ તૈયાર નથી. ખામેનેઈના પુત્ર આયાતોલ્લાહ મોજતબા ખામેનેઈએ અમેરિકા ઉપર પૂરું વેર વાળવાની કસમ ખાધી છે અને હજ્જારો ડ્રૉન હુમલા કર્યા છે. અમેરિકા સાથે ઇઝરાયલ જોડાયું નથી - ઇઝરાયલ સાથે અમેરિકા જોડાયું છે એમ કહેવું જોઇએ. ઇઝરાયલની સ્થાપના - જન્મથી જ તમામ આરબ દેશો - આ યહૂદી દેશ સામે દુશ્મની ધરાવે છે. દુશ્મનોથી ઘેરાયેલા ઇઝરાયલે ટક્કર ઝીલી છે. તાજેતરમાં હમાસના આરબ આતંકીઓએ આકાશમાંથી ઊતરીને ઇઝરાયલીઓ ઉપર કાળો કેર વર્તાવ્યો તેનો બદલો નેતન્યાહુએ કેવી રીતે લીધો તે દુનિયાએ જોયું છે અને ઇરાન ઉપરના અમેરિકી આક્રમણમાં 'ડ્રાઇવર'ની કામગીરી બજાવી છે! અમેરિકાની સલામતી એજન્સીના ઉચ્ચ અધિકારીએ પણ લડાઈ માટે ઇઝરાયલ જવાબદાર હોવાનું જણાવીને ટ્રમ્પ સરકારી સંસ્થામાંથી રાજીનામું આપી દીધું છે. અમેરિકાની ગુપ્તચર સંસ્થાના વડા - ભારતીય કુળનાં તુલસી ગબાર્ડે પણ અમેરિકી સંસદીય સમિતિ સમક્ષ રજૂ કરેલા અહેવાલમાં જણાવ્યું છે કે અમેરિકા ઉપર - સુએઝ નહેરથી હોર્મુઝ... : અત્યારે ઇરાને હોર્મુઝ સામુદ્રધુની-ખાડીમાં અમેરિકી જહાજો-ટેન્કરોના પ્રવેશની બંધી કરી છે. ઇઝરાયલે ઇરાનનાં તેલ ક્ષેત્રો ઉપર હુમલા કર્યા પછી ઇરાને સાઉદી, કતર તથા યુએઈમાં તેલ-ગૅસ ક્ષેત્ર ઉપર ભારે હુમલા કર્યા અને તમામ ભડકે બળી રહ્યાં છે તેથી તેલ-ગૅસની મોટી કટોકટી સર્જાશે એવી ધારણા છે. ભૂતકાળમાં ઇજિપ્તની સુએઝ કેનાલ - ખાડી અંગે ભારે કટોકટી ઊભી થઈ હતી તેની યાદ તાજી થાય છે. વર્ષ ૧૯૫૨માં ઇજિપ્તમાં આઝાદી માટે જન-આંદોલન અને રાજા ફારૂક સામે બળવો થયો. આ ક્રાન્તિ-બળવા પછી ગમાલ અબ્દેલ નાસર નેતા-શાસક બન્યા. પણ ઇજિપ્તના વિશાળ આસ્વાન ડેમ માટે અપાતી નાણાકીય સહાય પશ્ચિમી દેશોએ પાછી ખેંચી લીધી તેના જવાબમાં નાસરે સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કરવાની જાહેરાત કરી - આ નહેરનું સંચાલન બ્રિટિશ અને ફ્રેન્ચ સરકારોની માલિકીની કંપની કરતી હતી. તેથી બંને સરકારોને પ્રતિષ્ઠા ઉપરાંત તેલ પુરવઠામાં કાપ મુકાવાની શક્યતા હતી. ઇઝરાયલ પણ નાસરની લોકપ્રિયતા અને લશ્કરી શક્તિ સામે સાવધાન હતું અને નાસરને હટાવવાની તૈયારી રૂપે ઇઝરાયલે ૧૯૫૬ના ઑક્ટોબરમાં 'સિનાઈ' પ્રદેશ ઉપર હુમલો કર્યો અને બ્રિટન-ફ્રાન્સે સુએઝ નહેરની સુરક્ષાના બહાને સેના ઉતારી. આ સુએઝ નહેરનો ઇતિહાસ જાણવા જેવો છે : ૧૮૬૯માં ફ્રાન્સના ફર્ડિનાન્ડ ડી. લેસેપ્સની દેખરેખ હેઠળ ઇજિપ્તના રણમાંથી માર્ગ બનાવીને એશિયા - આફ્રિકાને અલગ કર્યા.

# કોકટેલ ૨નું ટીઝર લીક થયું, દર્શકો નિરાશ

## રશ્મિકા, ક્રિતિ, શાહિદ હોટ લાગે છે, પણ 'જબ તલક' ગીતમાં ખાસ મજા ન આવી



ધુરંધર ધ રિવેન્જ સત્તાવાર રીતે રિલીઝ થવાના એક દિવસ પહેલા, ઘણા ચાહકો પેઈડ પ્રિવ્યુ જોવા માટે થિયેટરોમાં દોડી ગયાં હતાં. આ પ્રીમિયર સાથે, કોકટેલ ૨ના નિર્માતાઓએ શાહિદ કપૂર, રશ્મિકા મંદાન્ના અને કૃતિ સેનનની આવનારી ફિલ્મનું પહેલું ટીઝર મોટા પડદા પર રજુ કર્યું હતું. હોમી અડાજાનિયા દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મનાં પહેલા ભાગમાં દીપિકા પાદુકોણ, ડાયના પેન્ટી અને સૈફ અલી ખાન હતાં. આ કલ્ટ ક્લાસિક રોમેન્ટિક કોમેડી ફિલ્મ કોકટેલ (૨૦૧૨)ની સ્પિરિચ્યુઅલ સિક્વલ છે. મૂળ ફિલ્મને મળેલા પ્રેમ અને સફળતાને કારણે દર્શકોની અપેક્ષાઓ ઘણી ઊંચી છે.

પરંતુ શું કૃતિ, રશ્મિકા અને શાહિદ આ અપેક્ષાઓ પર ખરા ઉતર્યા? કોકટેલ ૨નું ટીઝર થિએટરમાં બતાવ્યા પછી ઓનલાઈન લીક થઈ ગયું છે, જોકે, તેમાં દર્શકોને ખાસ મજા આવી નથી.

કોકટેલ ૨નું ટીઝર ખરેખર તો ફિલ્મનાં ગીત 'જબ તલક'ની એક ઝલક છે, જેમાં શાહિદ કપૂર, કૃતિ સેનન અને રશ્મિકા મંદાન્નાને એક બીચ પાર્ટી જેવી લાગતી જગ્યાએ નાચતાં બતાવ્યાં છે. પહેલી નજરમાં તો, આ ટ્રેક દીપિકા પાદુકોણ, ડાયના પેન્ટી અને સૈફ અલી ખાનના લોકપ્રિય 'તુમ્હી હો બંધુ' ગીતની યાદ અપાવી શકે છે. નવા ટીઝર પર ઉત્સાહ વ્યક્ત કરતાં એક ચાહકે લખ્યું: "મને જે બોલિવૂડનો માહોલ ગમે છે તેવો જ છે." જ્યારે બીજા એકે લખ્યું: "અરે આ તો બહુ તાજગીસભર લાગે છે." ઘણા નેટિઝન્સે એમ પણ જણાવ્યું કે ક્રિતિ અને રશ્મિકા તેમનાં નવા અવતારમાં 'હોટ' લાગે છે, જ્યારે શાહિદના ડાન્સ મૂવ્સ બટર જેટલા સ્મૂથ છે. પરંતુ ગીત પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગયું છે.

કોકટેલ ૨નું લીક થયેલું ટીઝર જોયા પછી એક સોશિયલ મીડિયા યુઝરે લખ્યું: "સંગીત ખરાબ છે. આશા છે કે ફિલ્મમાં વધુ સારા ગીતો હશે." જ્યારે બીજા એકે લખ્યું: "કેવું બકવાસ ગીત હતું યાર....કંઈક તો ઢંગનું બનાવ્યું હોત. ડાન્સ તો જબરદસ્ત છે, કોઈ શંકા નથી, પરંતુ ગીત તો સંપૂર્ણ બગાડેલું છે."

ગયા વર્ષે એક ઈન્ટરવ્યુમાં કોકટેલ ૨ વિશે વાત કરતાં, ક્રિતિએ કહ્યું હતું: "મને લાગે છે કે હું અત્યાર સુધી જે રીતે દેખાઈ છું તેનાથી ખૂબ જ અલગ લાગી રહી છું, જેને લઈને હું ખૂબ ઉત્સાહિત છું. જ્યારે તમે કોકટેલ ૧ જુઓ છો, ત્યારે તેમાં કંઈક એવું છે જે આજે પણ તાજગીસભર લાગે છે. તે તમને ૧૨ વર્ષ જૂની ફિલ્મ જેવી લાગતી નથી. તમને હજુ પણ લાગે છે કે આ આજકાલની ફિલ્મ છે. મને લાગે છે કે આ ફિલ્મ પણ એવી જ છે. તે ખૂબ તાજગીભરી છે, વિઝ્યુઅલ્સ ખુબ જ સુંદર છે અને તેમાં આધુનિક સંબંધો અને સમીકરણો પર એક નજર છે. જે વિષય પર તે વાત કરે છે તે દરેકને સ્પર્ષે એવી છે. શાહિદ અને રશ્મિકા સાથે શૂટિંગ કરતી વખતે મને ખૂબ મજા આવી."



# "મુશ્કેલ લગ્ન કરતાં હું ખુશીથી સિંગલ રહેવું પસંદ કરીશ"

### દિવ્યા દત્તાએ આગામી સિરીઝ ચિરૈયા સંદર્ભે મુશ્કેલ લગ્ન જીવન અને ઘરેલુ હિંસા વિશે વાત કરી

એક્ટ્રેસ દિવ્યા દત્તાએ સ્ક્રીન પર ઘણી વાર આદર્શ પત્ની અને વહુની ભુમિકાઓ ભજવી છે, પરંતુ વાસ્તવિક જીવનમાં, ૪૮ વર્ષની આ અભિનેત્રીએ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે તેણે પ્રેમનો વિકલ્પ ખુલ્લો

રાખ્યો છે, પરંતુ તેની લગ્ન માટે કોઈ ઈચ્છા નથી. "લગ્ન યોગ્ય કારણો માટે થવાં જોઈએ. ખરેખર કહું તો, લગ્ન એક એવી સંસ્થા છે જેમાં બે લોકો સાથે મળીને આગળ વધે. જો મને કોઈ એવું યોગ્ય લાગતું નથી, તો હું લગ્ન નહીં કરું." દિવ્યાની આવનારી સોશિયલ ડ્રામા સિરીઝ 'ચિરૈયા' દેશમાં વૈવાહિક બળાત્કાર જેવા ગંભીર મુદ્દા પર જાગૃતિ લાવવા પ્રયત્ન કરે છે.દિવ્યાએ આગળ જણાવ્યું, "ત્રાસદાયક અથવા મુશ્કેલ લગ્નમાં રહેવા કરતાં હું ખુશીથી સિંગલ રહેવું પસંદ કરીશ અને તેમાં ખોટું શું છે? મને લાગે છે કે હું હવે એવા તબક્કે છું જ્યાં મને સાથ જોઈએ છે, લગ્ન નહીં. આ મારી પસંદગી છે."તેણે આગળ ઉમેર્યું કે જીવનમાં 'ક્યારેય નહીં' એવું કહેવું યોગ્ય નથી. "જીવનમાં મેં હંમેશા વિચાર્યું છે કે 'ક્યારેય નહીં' ન કહેવું. એટલે હું કોઈ બાબતમાં ના નથી કહી રહી. પરંતુ હાલની સ્થિતિ એવી જ છે અને હું તેમાં ખુશ છું."

જ્યારે ભારતના સૌથી જાણીતા સિંગલ પુરુષોમાંના એક સલમાન ખાન વિશે પૂછવામાં આવ્યું, ત્યારે દિવ્યાએ હળવી મજાકમાં કહ્યું, "મને લાગે છે એક સલમાન છે અને એક હું છું, એટલે એવું બની ગયું છે. ઘણા લોકો વિચારે છે કે 'આનાં તો લગ્ન કરાવી દેવાં જોઈએ, ખબર નથી કેમ! મેં આ પ્રશ્નનો અનેક વખત જવાબ આપ્યો છે. હવે તો હું કહું છું, 'ઠીક છે ભાઈ, મારાં લગ્ન કરાવી દો'."

તેની વેબ સીરિઝમાં દર્શાવવામાં આવેલા વૈવાહિક બળાત્કારના મુદ્દા વિશે વાત કરતાં દિવ્યાએ જણાવ્યું, "આ વાત તમારા પાર્ટનરને સન્માન આપવાની રીત વિશે છે. લગ્ન કોઈ લાઈસન્સ નથી. તમારે તમારા સાથીનું સન્માન કરવું જ જોઈએ અને સાથે મળીને આગળ વધવું જોઈએ. કોઈ પર કંઈ લાદવું યોગ્ય નથી, જ્યારે તમે મિત્ર તરીકે સાથે વધો છો, ત્યારે તે સૌથી સુંદર બાબત બની જાય છે. દરેક સંબંધમાં મૂળભુત સન્માન હોવું ખૂબ જ જરૂરી છે. સંમતિ ખૂબ મહત્વપૂર્ણ છે."

સંજય મિશ્રા, ફૈસલ રશીદ, સિદ્ધાર્થ શૉ, પ્રસન્ના બિષ્ત અને સરિતા જોશી અભિનીત 'ચિરૈયા' ૨૦ માર્ચથી હોટસ્ટાર પર સ્ટ્રીમ થવાની છે.

# સલમાનની ૨૦૨૭માં ઇદ પર દિલ રાજુ-વામશી સાથે ફિલ્મની ઇચ્છા

## સલમાનના ફેન્સને ૨૦૨૬ની ઇદ પર માતૃભૂમિ ન મળી પણ ૨૦૨૭માં ફિલ્મ મળી શકે છે





ઈદ સલમાન ખાન સાથે જોડાયેલી છે, કારણ કે વર્ષોથી આ સુપરસ્ટારે આ તહેવારને કમાણી માટે એક મહત્વપૂર્ણ સમય બનાવવામાં મોટી ભુમિકા ભજવી છે. આજે જ્યાં અભિનેતાઓ આ તારીખનો લાભ ઉઠાવી રહ્યા છે, ત્યાં એક સમય એવો પણ હતો જ્યારે હિન્દી ફિલ્મો માટે ઈદ કમાણી માટે મહત્વનો તહેવાર નહોતી ગણાતી. સલમાનની વોન્ટેડ પછી દબંગે આ પરિસ્થિતિ બદલી નાખી. આ વર્ષે સલમાન ખાનની કોઈ ફિલ્મ રિલીઝ થતી નથી, પરંતુ વિશ્વસનીય સુત્રો જણાવે છે કે સુપરસ્ટાર પોતાની આગામી ફિલ્મ માટે ઈદના તહેવારના સમયને ધ્યાનમાં રાખવા માગે છે.

સુત્રએ જણાવ્યું, "સલમાન ખાન દિલ રાજુ અને વામશી પડિલપલ્લી સાથે વાતચીત કરી રહ્યા છે જેથી તેઓ તેમના શીડ્યુલ્સ એવી રીતે ગોઠવે કે ૨૦૨૭ની ઈદ પર રિલીઝ શક્ય બને. પ્રોડ્યુસર-ડિરેક્ટર જોડી આ વિકલ્પ પર વિચારણા કરી રહી છે અને ટૂંક સમયમાં સલમાનને એક પ્લાન સાથે જવાબ આપશે." આ સુત્રએ વધુમાં જણાવ્યું કે આ ફિલ્મ એક મજબૂત ભાવનાત્મક આધાર ધરાવતી એક્શન-પેકડ એન્ટરટેઈનર છે.

સુત્રએ આગળ જણાવ્યું, "આ એક બિલકુલ કમર્શિયલ એન્ટરટેઈનર છે જેમાં સલમાન ખાન દર્શકોને ગમતા અંદાજમાં જોવા મળશે. વામશી સલમાનને એ રીતે રજુ કરવા વિચારી રહ્યા છે, જેવો દર્શકો તેને જોવા ઈચ્છે છે. પ્રી-પ્રોડક્શન જોરશોરથી ચાલી રહ્યું છે અને નિર્માતાઓ એપ્રિલમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાનો ઈરાદો ધરાવે છે."

# ધુરંધર-૨ઃ કોણ છે 'પિંડા'નું પાત્ર ભજવનાર કલાકાર? જાણો રસપ્રદ વાતો

દરેક સોશિયલ મીડિયામાં અત્યારે ફિલ્મ 'ધુરંધર-૨'ની જોરશોરથી ચર્ચા ચાલી રહી છે. કોઈ સીનના વખાણ કરી રહ્યું છે તો કોઈ એના પાત્રોના ઓરિજિનલ ફોટો સાથે ફિલ્મના કલાકારોની તસવીર મૂકીને હકીકત શેર કરી રહ્યું છે. તો કોઈ એના ડાયલોગ્સ પોસ્ટ કરીને ફિલ્મના વખાણ કરે છે. મુખ્ય કલાકારો સિવાય પણ ઘણાય એવા કલાકારો છે જેનાથી ફિલ્મને એક વેગ મળે છે. કો-એક્ટરની ભૂમિકામાં પછી રિઝવાનની વાત હોય કે આલમભાઈ. દરેક કલાકારોની દમદાર એક્ટિંગના વખાણ થઈ રહ્યા છે. આવા એક કલાકાર છે હમજાનો બાળપણનો મિત્ર.

કોણ છે પિંડા?

ફિલ્મની શરૂઆતમાં જસકિરતસિંહના મિત્ર તરીકે જે સરદાર છે એનો રોલ આગળ જતા એક ડ્રગ ડીલરનો બને છે. ગુરબાજસિંહ ઉર્ફે પિંડાના પાત્રની પણ પ્રશંસા થઈ રહી છે. થોડા સમય માટે આવીને મસ્ત ડાયલોગ્સ બોલીને પિંડાએ સૌને ખુશ કરી દીધા છે. હકીકતમાં એનું નામ ઉદયવીર સંધુ છે, જે મૂળ પંજાબી કલાકાર છે. એના મુખેથી સાંભળવા મળતી પંજાબી ભાષા મીઠી લાગે છે.


ફિલ્મમાં ઈન્ટરવલ પડે છે એના થોડા સમય પહેલા જ પાકિસ્તાનમાં એમની મુલાકાત હમઝા સાથે થાય છે, જે હકીકમાં એક ડ્રગ્સ તસ્કરી માટેનો મોટો સોદો હોય છે. એ સમયે એના ડાયલોગ, તુજે ઘર કી યાદ નહીં આઈ? જે સાંભળીને હમઝા ચોંકી જાય છે. શરૂઆતમાં હમઝાને ઓળખવાનો તે ઈન્કાર કરે છે. હમઝાને ઓળખી લીધા બાદ પિંડા બેક ટુ બેક સવાલ કરે છે અને વાતચીત કરે છે.

બાથરૂમ સીનમાં મારપીટ

બાથરૂમમાં થયેલી ફાઈટના કેટલાક સીનમાં હમઝા દમદાર માર ખાય છે અને પિંડા એને માર મારી રહ્યો છે. પિંડા હમઝાને ઓળખી લે છે કે, તે ભારતીય જાસુસ છે અને પાકિસ્તાનમાં રહીને કામ કરે છે. આટલા કામ માટે કલાકારના સોશિયલ મીડિયા પર જોરશોરથી વખાણ થઈ રહ્યા છે. ઉદયવીર સંધુ નેશનલ લેવલના હોકી પ્લેયર છે. વર્ષ ૨૦૧૮માં ફિલ્મ 'ગોલ્ડ'માં પણ તેમણે સારૂ એવું કામ કર્યું છે. આ ફિલ્મમાં તેમણે દેવાંગ ચતુર્વેદીનો રોલ પ્લે કર્યો હતો. એ પછી ઈમ્તિયાઝ અલીની નેટફ્લિક્સ ફિલ્મ 'અમરસિંહ ચમકીલા'માં જોવા મળ્યા હતા.પંજાબી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ તે કામ કરી ચૂક્યા છે, 'ઈકકુડી' ફિલ્મમાં પણ જોવા મળ્યા છે.







# સિત્તેર વર્ષે સત્તરનો ઉત્સાહ...

હોલિવૂડના ક્લિન્ટ ઈસ્ટવૂડ હોય કે પછી માઈકલ કેઈન કે મેલ બ્રુક્સ હોય અને ભારતીય ચિત્રાપટ ઉદ્યોગના મહામાનવ અમિતાભ બચ્ચન હોય કે રજની સર (રજનીકાંત) હોય (કે પછી વીતેલી પેઢીના એવરગ્રીન સદાબહર દેવ આનંદ હોય!) એ ઉંમરને ઉમંગ કે ઉત્સાહ સાથે કંઈ લાગેવળગે નહીં એ એકથી વધુ વાર સિદ્ધ થયું છે.

એકવીસમી સદીમાં મનોરંજનની દુનિયાની વ્યાખ્યા જ્યારે સમૂળગી બદલાઈ રહી છે ત્યારે પ્રતિભાશાળી એક્ટરો માટે અનેક વિકલ્પો રાહ જોઈ રહ્યા છે. આ યાદીમાં અનિલ કપૂરનું નામ ઉમેરાઈ ગયું છે. આયુષ્યના સાત દાયકા પૂર્ણ કરનારા આ એક્ટરને ૭૦ વર્ષની ઉંમરે રોલ ઓફર કરવામાં આવી રહ્યા છે. રસપ્રદ વાત તો એ છે કે અનિલ કપૂર જો કોઈ રોલ કે ફિલ્મ ગળે ન ઉતરે કે અનુકૂળ ન લાગે તો એના માટે ના પાડવાની હિંમત પણ રાખી શકે છે.

આ હિંમતનું મુખ્ય કારણ એ છે કે 'જે મળે એ લઈ લેવું, કાલ કોણે દીઠી છે' એ ભાવનામાંથી આજના અનેક કલાકારો મુક્ત થઈ શક્યા છે. બદલાયેલા સમયની આ તાસીર છે. એટલું જ નહીં, આ ઉંમરે કશુંક નવું કરવાનો ઉત્સાહ પણ એનામાં જોવા મળી રહ્યો છે.

નાના પડદા પર અનિલ કપૂરની ૨૦૧૩માં હિન્દીમાં રિલીઝ થયેલી ટીવી સિરીઝ '૨૪' ખાસ્સી લોકપ્રિય થઈ હતી. પોલિટિકલ થ્રિલર અને સસ્પેન્સના રસાયણ ધરાવતી આ સિરીઝ અનિલ કપૂરની હિંમત અને સાહસનું સમીકરણ હતું. આ જ નામની અમેરિકન સિરીઝ પર આધારિત ભારતીય શો માટે અનિલ કપૂરે ગંજાવર રોકાણની ડીલ કરી હતી. ટેલિકાસ્ટ થઈ ત્યારે આ પ્રયોગને વિવેચકોએ તો વખાણી જ, સાથે સાથે દર્શકોએ વધાવી લીધી. આ સિરીઝને ૨૧ એવૉર્ડ મળ્યા અને ૧૨ મિલિયન દર્શકોએ આ શો જોયો જે સફળતાનું ઉચ્ચ બિંદુ હતું.

ભારતીય ટીવી સિરીઝ જોનારા દર્શકોને એક અલગ અને ઉચ્ચ દરજ્જાની ટીવી સિરીઝ જોવાનો લ્હાવો મળ્યો. ત્રણ વર્ષ પછી ૨૦૧૬માં ૨૪'ની બીજી સીઝન પણ આવી. પહેલી સીઝન જેટલી તો નહીં, પણ ખાસ્સો આવકાર એને મળ્યો. ત્યારબાદ આ વિચારને સ્થગિત કરી દીધો અને હવે ૧૦ વર્ષના અંતરાલ પછી અનિલ કપૂર ૨૪'ની ત્રીજી સીઝન સાથે આવવા કમર કસી રહ્યો છે.

તાજેતરમાં ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી 'સુબેદાર' ફિલ્મમાં નિવૃત્ત લશ્કરી અધિકારીના રોલમાં અનિલ કપૂરની પ્રશંસા થઈ છે. એ રોલમાં અભિનેતાનો દમદાર પરફોર્મન્સ જોઈ એક ચાહકે અનિલ કપૂરને ૨૪'ની ત્રીજી સીઝન લાવવા આગ્રહ કર્યો. ચાહકની દરખાસ્તનો મિસ્ટર કપૂરે તાબડતોબ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર જવાબ આપ્યો અને કહ્યું કે બહુ જલદી એના પર કામ શરૂ થઈ જશે. અગાઉ ૨૦૧૮માં ત્રીજી સીરીઝનો વિચાર કરવામાં આવ્યો હતો, પણ વાત માત્ર કાગળ પર જ રહી ગઈ હતી. ૭૦ વર્ષની ઉંમરે કશુંક કરવાની ઈચ્છા દાદને પાત્ર છે.આદિત્ય ધર દિગ્દર્શિત અને રણવીર સિંહના હમઝા અલી મજારીની 'ધુરંધર-૨' એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રી પર છવાઈ જવા રજૂ થઈ ગઈ છે અને બોક્સ ઓફિસના અનેક નવા રેકોર્ડ બનાવશે એવી અટકળો વહેતી થઈ છે ત્યારે અનિલ કપૂરનું નામ એની સાથે અલગ રીતે જોડાયું છે. ના ફિલ્મપ્રેમી વાચકો એ વાતથી સારી પેઠે વાકેફ છે કે ગયા વર્ષે રિલીઝ થયેલી 'ધુરંધર' ફિલ્મને અભૂતપૂર્વ સફળતા મળી હતી. પ્રેક્ષકોનો અપાર પ્રેમ મેળવનારું આ ચિત્રપટ બોક્સઓફિસ પર ૧૦૦૦ કરોડથી વધુ વકરો કરવામાં સફળ રહ્યું હતું. આદિત્ય ધરે એની સિક્વલ 'ધુરંધર-૨' માટે અનિલ કપૂરનો સંપર્ક કર્યો હતો. જોકે, 'ઝકાસ' જેવા હુલામણા નામથી ઓળખાતા મિસ્ટર કપૂરે નમ્રપણે આ રોલનો અસ્વીકાર કર્યો હતો. અનિલ કપૂરના નકારની વાત પ્રથમ વાર જ્યારે મીડિયામાં ચમકી ત્યારે શું-કેમ ? જેવા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ખુદ અનિલ કપૂરએ આ તર્ક વિતર્કો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. ૨૦૨૩ની સંદીપ રેડ્ડી વંગાની 'એનિમલ'માં અનિલ કપૂરની ભૂમિકાની ખાસ્સી પ્રશંસા થઈ હતી. એ જોઈને જ આદિત્ય ધરએ પણ અનિલ કપૂરને ઓફર કરી હોવી જોઈએ. આ સંદર્ભે અનિલ કપૂરએ જણાવ્યું હતું કે 'હા, એ વાત સાચી છે કે આદિત્ય 'ધુરંધર ૨' માટે મારો સંપર્ક કર્યો હતો. એની ઈચ્છા હતી કે ફિલ્મમાં હું કેમિયો-એક નાનકડો પણ મહત્ત્વનો રોલ કરું, પણ એણે મારો સંપર્ક કર્યો ત્યારે હું અન્ય પ્રોજેક્ટ માટે તારીખો ફાળવી ચુક્યો હતો. પ્રોફેશનલિઝમને મેં કાયમ અગ્રસર રાખ્યું છે અને એટલે આપેલા શબ્દનું પાલન અક્ષરશઃ કરવું જરૂરી છે. કરિયરમાં આ બહુ જરૂરી છે. કેવળ પ્રતિભા-આવડતના જોરે કલાકારને નામના નથી મળતી. સારો અભિનેતા એક વચનબદ્ધ કલાકાર હોય એ પણ એટલું જ જરૂરી છે. આદિત્યએ મારી સાથે વાતચીત કરી ત્યારે એને જે સમય માટે મારી જરૂર હતી એ સમય હું અન્ય ફિલ્મમેકરને આપી ચૂક્યો હતો. એની સાથે બંધાઈ ચૂક્યો હતો એટલે મેં આદિત્યને અ બહુ જ આનંદ આવ્યો હોત, પણ હું લાચાર છું, કારણ કે મેં અન્ય કોઈને એ સમયનું વચન આપી દીધું છે....'. વચનભંગ કરવાની મારી તૈયારી નથી. આદિત્યે ખરેખર અદભુત ફિલ્મ બનાવી છે. એ ફિલ્મની ભૂમિકા ગુમાવવાથી નુકસાન મને થયું છે. ઠીક છે, એવું તો ચાલ્યા કરે. આવું તો એની સાથે પણ બની શકે છે. કોઈ એક ફિલ્મમેકરે બ્લોકબસ્ટર ફિલ્મ આપી હોય અને એ જો મને એની નવી ફિલ્મમાં રોલ ઓફર કરે અને ત્યારે એને જોઈતી તારીખો મેં આદિત્યને આપી દીધી હોય તો? એ સમયે હું આદિત્યને તારીખો કેન્સલ કરી બીજા ડિરેક્ટરની ફિલ્મ કરું તો એ વ્યવસાયીક પ્રતિબદ્ધતાનો ભંગ જ કહેવાય. 'ધુરંધર ૨'માં સાથે કામ ન કરી શક્યા તો કંઈ નહીં, ભવિષ્યમાં બીજી કોઈ ફિલ્મમાં સાથે કામ કરીશું.'

આટલા લાંબા સમય સુધી અને આ ઉંમરે પણ અનિલ કપૂર આજે પણ એના ફિલ્ડમાં સક્રિય છે એનાં અનેક કારણોમાં એક મહત્ત્વનું કારણ છે એની દ્રઢ પ્રતિબદ્ધતા ...!

**ભારતીય ટીવી સિરીઝ જોનારા દર્શકોને એક અલગ અને ઉચ્ચ દરજ્જાની ટીવી સિરીઝ જોવાનો લ્હાવો મળ્યો. ત્રણ વર્ષ પછી ૨૦૧૬માં ૨૪'ની બીજી સીઝન પણ આવી. પહેલી સીઝન જેટલી તો નહીં, પણ ખાસ્સો આવકાર એને મળ્યો. ત્યારબાદ આ વિચારને સ્થગિત કરી દીધો અને હવે ૧૦ વર્ષના અંતરાલ પછી અનિલ કપૂર ૨૪'ની ત્રીજી સીઝન સાથે આવવા કમર કસી રહ્યો છે.**

# વિરાટ કોહલીનો બેંગલોરની ટીમને મંત્રઃ એક મિનિટ પણ વેડફશો નહીં




## આ વખતે ચેમ્પિયન તરીકે રમી રહ્યા છીએ તેથી હરીફો વધુ આક્રમક બનશેઃ વિરાટ કોહલી

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી)એ આઈપીએલની આગામી ટી૨૦ ક્રિકેટ સિઝન માટે કમર કસી લીધી છે. ગયા વર્ષના ચેમ્પિયન તરીકે મેદાનમાં ઉતરી રહેલી આ ટીમ માટે વિરાટ કોહલીએ અત્યારથી જ જીતનો પાયો નાખવાનું શરૂ કરી દીધું છે. મહાન બેટ્સમેન વિરાટ કોહલીએ તેના રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના સાથી ખેલાડીઓને ટ્રેનિંગ સેશન દરમિયાન અત્યંત ગંભીર રહેવા અને એક મિનિટ પણ વ્યર્થ ન કરવાની અપીલ કરી છે. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતેના પ્રથમ પ્રેક્ટિસ સેશન દરમિયાન ટીમને સંબોધતા કોહલીએ ગયા વર્ષે જે તીવ્રતાથી ટાઇટલ જીત્યું હતું, તેને જાળવી રાખવા પર ભાર મૂક્યો હતો.વિરાટ કોહલીએ કહ્યું હતું કે ''છેલ્લી બે-ત્રણ સિઝનમાં અમે જે હાંસલ કર્યું છે તે માટે અમે સખત મહેનત કરી છે. હવે આ સફર વધુ મુશ્કેલ બનવાની છે કારણ કે અન્ય ટીમો અમારી સામે પૂરી તાકાત સાથે આવશે.''રોયલ ચેલેન્જર્સે હરાજીમાં વેંકટેશ ઐયર, મંગેશ યાદવ, જોર્ડન કોક્સ, વિકી ઓસ્તવાલ અને સાત્વિક દેશવાલ જેવા ખેલાડીઓને ટીમમાં સામેલ કર્યા છે. હેડ કોચ એન્ડી ફ્લાવરે આ નવી ટીમ પ્રત્યે સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ફ્રેન્ચાઇઝીએ મુખ્ય ક્ષેત્રોમાં મજબૂતી મેળવી છે. કોહલીએ ટીમ મિટિંગમાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ''પોતાને એક્ટિવ કરો અને એક મિનિટ પણ બગાડશો નહીં. આ અઢી મહિના માટે આપણે આપણું ૧૨૦ ટકા યોગદાન આપવું જ પડશે. અમારા શર્ટ પર હવે (ચેમ્પિયનનો) સ્ટાર છે... પણ એ સિઝન હવે વીતી ગઈ છે. તેણે ઉમેર્યું હતું કે આઉટફિલ્ડ શાનદાર, હરિયાળું અને સુંદર દેખાઈ રહ્યું છે.'' રોયલ ચેલેન્જર્સની ટીમ ૨૮મી માર્ચે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે અહીંના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતેના પોતાના હોમ ગ્રાઉન્ડ પર રમશે. ચેમ્પિયન તરીકે ટકી રહેવા માટે ગત વર્ષ કરતા વધુ મહેનતની જરૂર છે. તેમ કહીને ટીમના કોચ એન્ડી ફ્લાવરે સ્પષ્ટ કર્યું હતુ કે ટીમ જૂની સફળતાના આધારે બેસી રહેવા માંગતી નથી પરંતુ નવા પડકારને સ્વીકારીને ફરીથી ટ્રોફી જીતવા માટે મેદાનમાં ઉતરશે. ટીમના વિકેટકીપર જીતેશ શર્માએ પણ પ્રેક્ટિસના પ્રથમ દિવસે ઉત્સાહપૂર્ણ વાતાવરણ હોવાનું જણાવ્યું હતું.

# સાઉથ આફ્રિકાનો ફરીથી પ્રહાર, કિવિને હરાવી સ્કોર સરભર કર્યો



પ્રવાસી સાઉથ આફ્રિકાના સ્પિનરો સામે ન્યૂઝીલેન્ડની ટીમ લાચાર બની જતાં રવિવારે અહીં રમાયેલી ચોથી ટી૨૦ ક્રિકેટ મેચમાં સાઉથ આફ્રિકાએ ૧૯ રને વિજય હાંસલ કરીને પાંચ મેચની સિરીઝમાં સ્કોર ફરીથી સરભર કરી દીધો હતો. આમ હાલમાં બંને ટીમ ૨-૨થી બરાબરી પર આવી ગઈ છે. વર્તમાન સિરીઝમાં બંને ટીમ એકબીજાને મચક આપતી નથી અને પાછળ રહી ગયા બાદ વળતો પ્રહાર કરીને સ્કોર સરભર કરી દે છે ત્યારે બુધવારે રમાનારી અંતિમ ટી૨૦ મેચ રોમાંચક બની રહેશે. ચોથી ટી૨૦માં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા સાઉથ આફ્રિકાએ કોનોર ઈસ્ટરહ્યુઝેનની શાનદાર અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૪ રનનો સ્કોર રજૂ કર્યો હતો. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૪૫ રન કરી શકી હતી.

ઈસ્ટરહ્યુઝેને માત્ર ૩૩ બોલમાં ૫૭ રન ફટકાર્યા હતા જેમાં ત્રણ સિક્સર અને સાત ચોગ્ગા સામેલ હતા. આ સ્કોર બંને ટીમો વચ્ચે મુખ્ય તફાવત સાબિત થયો હતો. ઈનિંગ્સના બીજા જ બોલે વિકેટ ગુમાવ્યા બાદ તેણે બાજી સંભાળી હતી અને પાવરપ્લેમાં ટીમને ૫૦ રન સુધી પહોંચાડી હતી.

ન્યૂઝીલેન્ડની શરૂઆત સારી રહી હતી અને પાવરપ્લે બાદ તેમનો સ્કોર બે વિકેટે ૬૩ રન હતો. ટિમ રોબિન્સને ૨૨ બોલમાં ૩૨ રન ફટકાર્યા હતા. જોકે, સાઉથ આફ્રિકાના સ્પિનરોએ અહીંથી વળતી લડત આપીને મેચનું પાસું પલટી નાખ્યું હતું. પ્રેનેલન સુબ્રાયનઃ પોતાની પહેલી જ મેચમાં જ ૧૩ રન આપીને બે મહત્વની વિકેટ ઝડપી તો કેપ્ટન કેશવ મહારાજે ૨૨ રન આપીને બે વિકેટ મેળવી ન્યુઝીલેન્ડના મધ્યક્રમને ધ્વસ્ત કર્યો હતો. ડેન ક્લીવર ત્રણ વર્ષ બાદ ટીમમાં પરત ફરી રહ્યો હતો અને તે જોખમી જણાઈ રહ્યો હતો પરંતુ સુબ્રાયને તેને બોલ્ડ કર્યો હતો તેણે ૨૬ રન ફટકાર્યા હતા. ટોમ લાથમને સ્થાને કાર્યકારી સુકાની બનેલા જેમ્સ નીશમને બે જીવનદાન મળ્યા છતાં તે મોટી ઈનિંગ્સ રમી શક્યો નહી.

# ઓસ્ટ્રેલિયા આવતા વર્ષે ભારતમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી રમશે

## ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ટીમનો અતિ વ્યસ્ત કાર્યક્રમ જાહેર કર્યો, એક વર્ષમાં સાઉથ આફ્રિકા, કિવિ અને ભારત સામે રમશે



ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (સીએ)એ રવિવારે તેનું ૨૦૨૬-૨૭નું આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેલેન્ડર જાહેર કર્યું હતું જે મુજબ તે વિશ્વના મોખરાના ચાર દેશો સાથે ટેસ્ટ સિરીઝ રમશે. જેમાં જાન્યુઆરી ૨૦૨૭માં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે તે પાંચ ટેસ્ટ મેચ રમવા ભારત આવશે.

આ વ્યસ્ત કાર્યક્રમમાં ભારત સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી અત્યંત મહત્વની રહેશે પરંતુ તેના માટે ખૂબ જ ઓછો સમય ફાળવવામાં આવ્યો છે. આ સિરીઝ જે ૨૦૨૭ના જાન્યુઆરીના મધ્યમાં અથવા અંતમાં શરૂ થવાની ધારણા છે.

પેટ કમિન્સની ઉંમરલાયક ટીમ માટે આવતા વર્ષે ભારત સામેની પાંચ ટેસ્ટ મેચોની સિરીઝ અભૂતપૂર્વ અને કપરા કાર્યક્રમ માટે નિર્ણાયક તબક્કો બની રહેશે. ઓસ્ટ્રેલિયા ડિસેમ્બર અને માર્ચ વચ્ચે ૧૪ સપ્તાહના ગાળામાં દસ ટેસ્ટ રમવાનું છે, જે તેમના ઇતિહાસના સૌથી પડકારજનક સમયગાળા પૈકીનો એક છે.

ઓસ્ટ્રેલિયન ટીમ સિઝનની શરૂઆત ઓગસ્ટ ૨૦૨૬માં બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટ મેચથી ઘરઆંગણે કરશે. અને માર્ચ ૨૦૨૭માં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઈંગ્લેન્ડ સામેની ૧૫૦મી એનિવર્સરી ટેસ્ટ (ડે-નાઈટ મેચ) સાથે સિઝન પૂર્ણ કરશે

ન્યૂઝીલેન્ડ સામેની હોમ સિરીઝ માત્ર ચાર સપ્તાહમાં જ સમેટાઈ જશે, જ્યારે આ વર્ષના અંતમાં સાઉથ આફ્રિકાનો પ્રવાસ ઓક્ટોબરના અંત સુધી ચાલશે.

ત્યારબાદ નવેમ્બરમાં ઈંગ્લેન્ડ સામે આઠ મેચની વ્હાઈટ-બોલ સિરીઝ રમાશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''બોર્ડર-ગાવસ્કર ટ્રોફીનો પ્રવાસ કમિન્સ, સ્ટિવ સ્મિથ, મિચેલ સ્ટાર્ક, જોશ હેઝલવૂડ અને નાથન લાયન જેવા ખેલાડીઓ માટે અંતિમ સીમાચિહ્ન સમાન છે, જેઓ ભારતમાં ક્યારેય સિરીઝ જીત્યા નથી.

આ પ્રવાસ પણ ટૂંકો રહેશે કારણ કે ૧૧મી માર્ચથી મેલબોર્નમાં એનિવર્સરી ટેસ્ટ શરૂ થઈ રહી છે. તેમ જણાવીને બોર્ડે તેના નિવેદનમાં ઉમેર્યું હતું કે, ''સ્ટાર્ક, કમિન્સ અને હેઝલવૂડ ત્રણેયને આગામી આઈપીએલના શરૂઆતના રાઉન્ડમાંથી બહાર રાખવાનો નિર્ણય દર્શાવે છે કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા આ ત્રિપુટીને ૨૦૨૬-૨૭ના તીવ્ર પ્રવાસ માટે ફિટ રાખવા બાબતે સાવધ છે.'' ૨૦૨૬-૨૭ માટેનું ઓસ્ટ્રેલિયાનું સમયપત્રક આ પ્રકારનું રહેશે. ઓગસ્ટ ૨૦૨૬, બે ટેસ્ટ વિ. બાંગ્લાદેશ (ઓસ્ટ્રેલિયામાં). ઓક્ટોબર ૨૦૨૬, ત્રણ ટેસ્ટ વિ. સાઉથ આફ્રિકા (સાઉથ આફ્રિકામાં). ડિસેમ્બર-જાન્યુઆરી (૨૦૨૬-૨૭). ચાર ટેસ્ટ વિ. ન્યૂઝીલેન્ડ (ઓસ્ટ્રેલિયામાં). જાન્યુઆરી-માર્ચ ૨૦૨૭. પાંચ ટેસ્ટ વિ. ભારત (ભારતમાં). ૧૧-૧૫ માર્ચ ૨૦૨૭, ૧૫૦મી એનિવર્સરી ટેસ્ટ વિ. ઈંગ્લેન્ડ (ઓસ્ટ્રેલિયામાં). જૂન ૨૦૨૭ , WTC ફાઈનલ (જો ક્વોલિફાય થાય તો). જૂન થી ઓગસ્ટ ૨૦૨૭, પાંચ ટેસ્ટ વિ. ઈંગ્લેન્ડ (એશિઝ, ઈંગ્લેન્ડમાં).

# પાકિસ્તાન સુપર લીગ દર્શકો વિના જ રમાડાશે : ઓપનિંગ સેરેમની પણ રદ



પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ રવિવારે જણાવ્યું હતું કે ઈરાન-અમેરિકા-ઈઝરાયલ યુદ્ધને કારણે પ્રદેશમાં તણાવને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન સુપર લીગ (PSL) નો પ્રથમ તબક્કો દર્શકો વિના રમાશે. બોર્ડના વડા મોહસીન નકવીએ જણાવ્યું હતું કે PSLની આ સીઝન ફક્ત કરાચી અને લાહોરમાં જ રમાશે. તેમણે કહ્યું, "PSLએક આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ છે અને અમારું ગૌરવ છે.

આ લીગ ૨૬ માર્ચથી શરૂ થશે, પરંતુ દર્શકોને સ્ટેડિયમમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં." PSL ના મુખ્ય કાર્યકારી અધિકારી સલમાન નસીરે પાકિસ્તાનમાં પીએસએલનું આયોજન કરવા અંગેની કોઈપણ સુરક્ષાની આશંકાઓને ફગાવી દીધી. નકવીએ કહ્યું ,"પ્રદેશની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ખર્ચ ઘટાડવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. આજ રાતથી વિદેશી ખેલાડીઓ અહીં આવી રહ્યા છે.'

ઉદ્ઘાટન સમારોહ પણ મુલતવીઃ આઠ ફ્રેન્ચાઈઝીઓ સાથે લાંબી બેઠક અને વડા પ્રધાન શાહબાઝ શરીફ સાથે પરામર્શ બાદ લીગ અંગેનો આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પાકિસ્તાન સરકાર દ્વારા પેટ્રોલ અને ડીઝલના પુરવઠા પર કડક નિયંત્રણ રાખવામાં આવી રહ્યું છે. સંસાધનો બચાવવા માટે, ઉદ્ઘાટન સમારોહ પણ રદ કરવામાં આવ્યો છે.

# રાજસ્થાન રોયલે વૈભવ સુર્યવંશી બાબતે ખુબ જ સાવધાન રહેવું પડશે : આ સીઝનમાં સાચી કસોટી




મુંબઈ : જિયોસ્ટાર પર વાત કરતા પઠાણે કહ્યું કે, હવે સામેની ટીમો વૈભવની વિસ્ફોટક બેટિંગને રોકવા માટે ખાસ પ્લાન બનાવીને આવશે જેથી વૈભવ માટે આ સીઝન પડકારજનક રહેશે. પઠાણે જણાવ્યું કે, 'વૈભવ માટે પડકારો વધશે. ટીમો તેની વિરૂધ્ધ ચોક્કસ વ્યૂહરચના સાથે મેદાનમાં ઉતરશે, જેમ આપણે અભિષેક શર્માના કિસ્સામાં જોયું હતું. જોકે, મને લાગે છે કે વૈભવમાં 'દમ' છે.

તે અંડર-૧૯ હોય, ઈન્ડિયા-એ હોય કે રેડ બોલ ક્રિકેટ, તે દરેક જગ્યાએ રન બનાવે છે. ગયા વર્ષે આપણે તેને માત્ર સાત મેચોમાં જોયો હતો, પણ આ સીઝનમાં તેને પૂરી મેચો રમવા મળી શકે છે. તેથી આ વર્ષ વૈભવ માટે કરિયર બદલનારું સાબિત થઈ શકે છે.'

વૈભવ સૂર્યવંશી અત્યારે આઈપીએલનો સૌથી ચર્ચિત ખેલાડી છે. માત્ર ૧૪ વર્ષની ઉંમરે તેણે ગયા વર્ષે ગુજરાત ટાઈટન્સ સામે માત્ર ૩૫ બોલમાં સદી ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. તે આઈપીએલમાં સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી અને યુસુફ પઠાણનો રેકોર્ડ તોડીને સૌથી ઝડપી ભારતીય સદી કરનાર ખેલાડી બન્યો હતો. એટલું જ નહીં, અંડર-૧૯ વર્લ્ડ કપની ફાઇનલમાં ઈંગ્લેન્ડ સામે ૮૦ બોલમાં ૧૭૫ રનની તોફાની ઈનિંગ રમીને તેણે ભારતને છઠ્ઠું ટાઈટલ અપાવ્યું હતું.

પઠાણે ભાર મૂક્યો કે આ નાની ઉંમરે વૈભવે માનસિક રીતે મજબૂત રહેવું પડશે. તેણે કહ્યું, 'તે માત્ર ૧૫ વર્ષનો છે અને તેની પાસે ૨૦-૨૫ વર્ષનું લાંબુ કરિયર પડ્યું છે. તેણે માનસિક રીતે મુક્ત રહેવું જોઈએ અને એવું ન વિચારવું જોઈએ કે બધું સરળ છે.ગયા વર્ષે રાહુલ દ્રવિડની ભૂમિકા ખૂબ મહત્વની હતી. આ સીઝનમાં પણ તેની આસપાસ કોઈ સારા મેન્ટર (માર્ગદર્શક) હોવા જરૂરી છે.' સામેની ટીમો કદાચ તેને ઓફ સ્ટમ્પની બહાર બોલ નાખીને ફસાવવાનો પ્રયત્ન કરશે, જેનો સામનો કરવા માટે તેણે તૈયાર રહેવું પડશે. વૈભવને ૨૦૨૫ની હરાજીમાં રાજસ્થાન રોયલ્સે ૧.૧ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. હવે આ સીઝનમાં રાહુલ દ્રવિડની વિદાય બાદ કુમાર સંગાકારા હેડ કોચ તરીકે અને રિયાન પરાગ કેપ્ટન તરીકે ટીમની કમાન સંભાળશે. રાજસ્થાન રોયલ્સ તેમની પહેલી મેચ ૩૦ માર્ચે ગુવાહાટીમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે રમશે. હવે આખી દુનિયાની નજર એ વાત પર છે કે શું વૈભવ આ વખતે પણ પોતાની ધાક જમાવી શકશે કે નહીં.

# શું લખનઉ સુપર જાયન્ટ્સની કિસ્મત ચમકશે?

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં લખનઉ સુપર જાયન્ટ્સની સફર કોઈ સસ્પેન્સ ફિલ્મ જેવી રહી છે. ૨૦૨૨ માં ડેબ્યૂ કરનારી આ ટીમ પ્રથમ બે સિઝનમાં પ્લેઓફ સુધી પહોંચી હતી. પરંતુ ત્યારબાદ અચાનક પ્રદર્શનનો ગ્રાફ નીચે આવી ગયો. હવે તેમના માટે આ સિઝન કોઈ અગ્નિપરીક્ષાથી ઓછી નહી હોય.

લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) સતત બે વાર સાતમાં સ્થાને સરકી ગઈ. ગત સિઝનમાં કેપ્ટનશીપ સંભાળનાર ઋષભ પંત હવે નવી જર્સી, નવા લોગો અને બદલાયેલા સંયોજન સાથે નવી શરૂઆતની તૈયારીમાં છે. લખનઉએ પંતને ૨૭ કરોડની રેકોર્ડ કિંમતે પોતાની ટીમનો ચહેરો બનાવ્યો હતો. ગત સીઝનમાં તેમની પાસેથી ચમત્કારિક પ્રદર્શનની અપેક્ષા હતી, પરંતુ આંકડાઓની હકીકત ઘણી કડવી રહી.

છેલ્લી મેચ પહેલાં સુધી પંતના બેટથી ૧૩ મેચમાં માત્ર ૧૫૧ રન નીકળ્યા હતા, જ્યાં તેમની એવરેજ માત્ર ૧૩ અને સ્ટ્રાઈક રેટ ૧૦૭નો હતો. જોકે, ગુજરાત ટાઈટન્સ સામેની છેલ્લી લીગ મેચમાં તેમણે ૬૧ બોલમાં અણનમ ૧૧૮ રનની જે તોફાની ઈનિંગ રમી, તેણે તેમના ટીકાકારોના મોઢા થોડા સમય માટે ચોક્કસપણે બંધ કરી દીધા હતા. પરંતુ ટીમની હારે તે શતકીય ઈનિંગની ચમક થોડી ઝાંખી કરી દીધી હતી. હવે મુખ્ય કોચ જસ્ટિન લેંગરના માર્ગદર્શનમાં પંતે પોતાની કેપ્ટનશીપ અને બેટિંગમાં એ પરિપક્વતા લાવવી પડશે.બેટિંગ ક્રમને જોઈએ તો ઉપલા ક્રમમાં એડન માર્કરામની સચોટતા અને મિચેલ માર્શની તાકાતનું સારું મિશ્રણ જોવા મળે છે. મધ્યમ ક્રમમાં નિકોલસ પૂરન જેવો વિસ્ફોટક ખેલાડી હાજર છે, જે ટીમને ફિનિશિંગ ટચ આપવામાં માહિર છે. આ સિવાય જોશ ઈંગ્લિસ અને અક્ષિત રઘુવંશી જેવા નવા ખેલાડીઓના આવવાથી ટીમની ઊંડાઈ વધી છે. વળી, હિંમત સિંહ અને મેથ્યુ બ્રીત્ઝકે ટીમને એ મજબૂતી આપી શકે છે જેની જરૂર મુશ્કેલ પરિસ્થિતિઓમાં પડે છે.બોલિંગમાં આ વખતે લખનઉએ મોટા ફેરફાર કર્યા છે. ઝહીર ખાનની વિદાય બાદ ભારતનાં અનુભવી બોલિંગ કોચ ભરત અરુણને ટીમ સાથે જોડવા એ એક માસ્ટરસ્ટ્રોક માનવામાં આવી રહ્યો છે.

મોહમ્મદ શમીનો અનુભવ અને મયંક યાદવની તોફાની ઝડપનો સંગમ વિરોધી બેટ્સમેનો માટે મોટો પડકાર રજૂ કરી શકે છે, શરત એટલી કે મયંક પોતાની ફિટનેસ જાળવી રાખે. એનરિક નોર્કિયાની ગતિ અને વાનિન્દુ હસરંગાની ફિરકી ટીમને દરેક વિભાગમાં મજબૂતી આપે છે. સ્પિન બોલિંગમાં શાહબાઝ અહમદ અને મણિમારન સિદ્ધાર્થ છે.૧ એપ્રિલે દિલ્હી કેપિટલ્સ સામે ઘરેલું મેદાન ઈકાનાથી શરૂ થનાર આ અભિયાન લખનઉ માટે પોતાની શાખ બચાવવાની લડાઈ પણ હશે.છેલ્લા બે સીઝનમાં પ્લેઓફમાં જગ્યા બનાવવામાં નિષ્ફળ રહ્યા બાદ લખનઉ સુપર જાયન્ટ્સ આ વખતે અંતિમ ચારમાં પહોંચવાની આશા રાખશે.




# ઈશાન કિશનને આઉટ કરીને ઝીશાને બહાર જવાનો ઈશારો કર્યો

## ચાર બોલમાં ૨૦ રન આપ્યા પછી વિકેટ લીધી, કિશન હસતા પાછા ફર્યા



IPL ૨૦૨૬ ની શરૂઆત ૨૮ માર્ચથી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને સનરાઈઝર્સ હૈદરાબાદની ઓપનિંગ મેચ સાથે થવા જઈ રહી છે. આ પહેલાં શનિવારે એટલે કે ૨૧ માર્ચે હૈદરાબાદે એક પ્રેક્ટિસ મેચ પણ રમી હતી. આ મેચમાં બોલર ઝીશાન અંસારીએ પોતાના સ્ટેન્ડ-ઈન કેપ્ટન ઈશાન કિશનને આઉટ કરીને આંગળી ઊંચી કરીને તેમને બહાર જવાનો ઈશારો કર્યો હતો. તેનો વીડિયો પણ હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જોકે, ઈશાન કિશન હસતાં હસતાં બહાર ચાલ્યા ગયા.

આ ઘટના બીજી ઈનિંગ્સની ૮મી ઓવરમાં બની હતી, જેમાં ૨૬ વર્ષીય લેગ સ્પિનર ઝીશાન અંસારી બોલિંગ કરી રહ્યા હતા. ઈશાન કિશને ઓવરની શરૂઆતના ચાર બોલમાં બે છગ્ગા અને બે ચોગ્ગા ફટકારીને ૨૦ રન બનાવ્યા હતા. જોકે, પછીના જ બોલ પર ઝીશાન અંસારીએ તેમને ડીપ સ્ક્વેર લેગ પર કેચ આઉટ કરાવ્યા.

ઈશાન કિશનની વિકેટ લીધા પછી, ઝીશાન અંસારીએ આંગળીથી ઈશારો કરતા તેમને મેદાનમાંથી બહાર જવાનો સંકેત આપ્યો. આ દરમિયાન ઝીશાન થોડા ગંભીર દેખાયા, જ્યારે ઈશાન કિશન તેમના આ ઈશારા પર હસતાં હસતાં પેવેલિયન પાછા ફર્યા.

નિયમિત કેપ્ટન પેટ કમિન્સની ગેરહાજરીમાં ઈશાન કિશનને કેપ્ટનશીપની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે અભિષેક શર્માને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે.પેટ કમિન્સ ઈજામાંથી સાજા થઈ રહ્યા છે. તેથી તે IPL ૨૦૨૬ માં હૈદરાબાદ માટે શરૂઆતની કેટલીક મેચો ચૂકી જશે. કમિન્સ ઈજાના કારણે T20 વર્લ્ડકપમાંથી પણ બહાર હતા.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૨૩ માર્ચ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સુરત મહાનગર પાલિકા દ્વારા તમામ 30 વોર્ડના ૨૪.૭૨ લાખ મતદારોની યાદી જાહેર

## તાપી ભવન સુરત મ્યુનિ. કોર્પોરેશનની મુખ્ય કચેરી ઉપરાંત તમામ વોર્ડ ઓફિસો પર મતદાન યાદી પ્રસિદ્ધ કરાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

સુરત મ્યુનિ.ના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ટર્મ ૧૧ માર્ચના રોજ પુરી થયા બાદ ચૂંટણી માટે કાઉન્ટ ડાઉન શરુ થઈ ગયું છે. મ્યુનિ. વિસ્તારના ૨૪.૭૨ લાખ મતદારો સાથેની યાદી તૈયાર કરી છે. આજ રોજ પ્રસિધ્ધ કરવામાં આવી છે. તાપી પુરા ખાતે આવેલા તાપી ભવન ઉપરાંત વોર્ડ ઓફિસ સહિત ૪૦ જગ્યાએ મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. સુરત મ્યુનિ.ની આગામી ચૂંટણી માટે રાજકીય પક્ષો તૈયારી કરી રહ્યાં છે તે પહેલાં મ્યુનિ.એ શહેરના મતદારોની યાદીને આખરી ઓપ આપી દીધો હતો. આજરોજ મ્યુનિ. વિસ્તારના ૨૪.૭૨ લાખ મતદારોની યાદી જાહેર કરી છે. આ યાદી તૈયાર કરવા માટેની કામગીરી મ્યુનિ.ના ઈલેક્શન વિભાગના ૧૫ કર્મચારીઓ બે આસિસટન્ટ ઈજનેર સહિતના ૨૦ જેટલા અધિકારીઓને સોંપવામાં આવી હતી. આ કર્મચારી, અધિકારીઓએ વિધાનસભાની યાદીનું નિરીક્ષણ કરીને તેના આધારે મ્યુનિ. ની વોર્ડ દીઠ યાદી બનાવી છે. આજે ૨૪.૭૨ લાખ મતદારોની યાદી શહેરના તાપીપુરા વિસ્તારમાં આવેલા તાપી ભવનના ઈલેક્શન વિભાગની કચેરી ઉપરાંત શહેરની વોર્ડ ઓફિસ સહિત ૪૦ જગ્યાએ જાહેર કરવામાં આવી છે. તે મતદારો જોઈ શકશે. વિધાનસભા મતદાર વિભાગના મતદાર તરીકે નામ નોંધાયું હોય, પરંતુ મ્યુનિ.ની મતદાર યાદીમાં નામ રહી ગયું હોય તે વ્યક્તિ જરૂરી પુરાવા સાથે મ્યુનિ.ના ઈલેક્શન વિભાગમાં જઈને અરજી કરી પોતાનું નામ નોંધાવી શકશે.



સુરત મ્યુનિ.ના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ટર્મ ૧૧ માર્ચના રોજ પુરી થયા બાદ ચૂંટણી માટે કાઉન્ટ ડાઉન શરુ થઈ ગયું છે. મ્યુનિ. વિસ્તારના ૨૪.૭૨ લાખ મતદારો સાથેની યાદી તૈયાર કરી છે. આજ રોજ પ્રસિધ્ધ કરવામાં આવી છે. તાપી પુરા ખાતે આવેલા તાપી ભવન ઉપરાંત વોર્ડ ઓફિસ સહિત ૪૦ જગ્યાએ મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. સુરત મ્યુનિ.ની આગામી ચૂંટણી માટે રાજકીય પક્ષો તૈયારી કરી રહ્યાં છે.

# સુરત મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણી ટૂંકમાં જાહેર કરાશે

**રાજકીય પક્ષોએ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ઝડપી બનાવી**

ગુજરાતની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો સહિતની સ્થાનિક ચૂંટણી યોજવાની પૂર્વ તૈયારીમાં ચૂંટણીપંચ દ્વારા રાત-દિવસ કામગીરી ચાલી રહી છે. ચૂંટાયેલા સભ્યોનું શાસન પૂર્ણ થતા વહીવટદારનું શાસન જે તે લોકલ બોડીમાં અમલી થઈ ગયું છે. આ દરમિયાન સુરત સહિત ગુજરાત રાજ્યની નવી જુની તમામ ૧૫ નગરપાલિકાઓની ચૂંટણી યોજવાની આરંભિક રૂપરેખા મુજબ આગામી તા. ૨૫મી માર્ચના રોજ ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની સંભાવના જાણકાર સૂત્રો દ્વારા વ્યક્ત કરાઈ છે. તેથી રાજકીય પક્ષોએ પણ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરી દીધી છે.

ગુજરાત ચૂંટણી તંત્ર દ્વારા જૂની નવી કુલ ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૩ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૨ તાલુકા પંચાયતોની ચૂંટણી યોજવાની વ્યાપક તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને આગામી તા. ૨૫ અથવા ૨૬મીના રોજ ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની પ્રબળ શક્યતા છે.

# સુરત ડાયમંડ બુર્સમાં દુબઈની કંપની દ્વારા રફ હીરાનું વ્યુઈંગ

## તા.૨૭મી પછી રફ ડાયમંડનું ઓનલાઈન ટેન્ડરીંગ ઓકશન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

ડાયમંડ બુર્સમાં આજથી પહેલીવાર દુબઈની અગ્રણી ત્રણ કંપનીઓ દ્વારા એપ્રિલ મહિના સુધી સુરતના વેપારીઓને રફ દેખાડવા માટે પ્રદર્શન યોજાયું છે. જે ૨૭ માર્ચ સુધી ચાલશે અને ત્યારબાદ ઓનલાઈન ટેન્ડરિંગથી ઓકશન યોજાશે. આ ઉપરાંત ત્રણ કંપનીઓ દ્વારા એપ્રિલ સુધી સુરતની ડાયમંડ પેઢીઓ વપારીઓને રફ બતાવાશે. આજથી પ્રિ ઓકશન શરૂ થયું છે. ત્યારે સુરત ડાયમંડ બુર્સના વાઈસ ચેરમેન લાલજીભાઈ પટેલ (ઉગામેડી)એ જણાવ્યું હતું કે, સુરતના હીરા ઉદ્યોગકારોને દુબઈ અને બેલ્જિયમ જવું ખર્ચાળ પડતું હતું જેનો સીધો લાભ આ હરાજી થકી મળી રહેશે. દુબઈની ત્રણ મોટી કંપનીઓ દ્વારા રફનું પ્રદર્શન કરવામાં આવશે. અત્યાર સુધી દુબઈ અને બેલ્જિયમમાં પ્રી-ઓકશન વ્યુઈંગ ઈવેન્ટ થતી હતી. વિદેશ જવા માટે ઘણો ખર્ચ થતો હોય સુરત ડાયમંડ બુર્સ ખાતે નાના વેપારીઓ રફ જોઈને હીરાની ખરીદી કરી શકશે.

સુરત ડાયમંડ બુર્સને ધમધમતુ કરવા માટે સુરતના અગ્રણી હીરા વેપારીઓ દ્વારા ઘણા પ્રયાસો કરાઈ રહ્યા છે ત્યારે હીરા ઉદ્યોગમાં ચાલતી મંદી વચ્ચે સુરતના વેપારીઓમાં નવી આશા જાગી છે. ડાયમંડ બુર્સનાં હોદ્દેદારો દ્વારા આજથી ડાયમંડ બુર્સમાં દુબઈની ત્રણ નામાંકીત કંપનીનું રફનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા આજથી શરૂ થયેલા રફ પ્રદર્શનનાં પહેલા દિવસે સુરતનાં નાના મોટા વેપારીઓએ બુર્સની મુલાકાત લીધી હતી. જીજેઈપીસીના ચેરમેન જયંતીભાઈ સાવલીયાએ જણાવ્યું હતું કે, સુરત ડાયમંડ બુર્સને વૈશ્વિક સ્તરે ટ્રેડિંગ અને હરાજી માટે મુખ્ય મથક બને તે દિશામાં સુરતની વિવિધ અગ્રણી ડાયમંડ પેઢી અને જીજેઈપીસી સતત પ્રયત્ન શીલ છે.

# મોટા વરાછા ખાતે 'આંતરરાષ્ટ્રીય મહિલા અધિવેશન' યોજાયું

## આવનારી પેઢીને સંસ્કાર આધારિત શિક્ષણ આપવાનો અનુરોધ કરતા શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા

**સુરત, તા.૨૩**

શ્રી લક્ષ્મીનારાયણદેવ મહિલા મંડળ આયોજીત 'ભક્તિ અને શક્તિનો સમન્વય-આંતરરાષ્ટ્રીય મહિલા અધિવેશન' શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા આર.જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયું હતું. આ પ્રસંગે સંસ્થાના ઉર્વશી કુંવરબા તથા રાજનંદની કુંવરબા તથા મહિલાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

મોટા વરાછા ખાતે આયોજીત અધિવેશનમાં મંત્રીશ્રી રિવાબાએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય મહિલા અધિવેશનના કાર્યક્રમ ખરા અર્થમાં ભક્તિ અને શક્તિનો સમન્વય બન્યો છે. ચૈત્રી નવરાત્રીએ માતાજીની ભક્તિ કરવાનો આ ઉત્તમ સમય છે અને આ ભક્તિથી જ માતાજી આપણને એક અજબ પ્રકારની શક્તિ અર્પે છે. જેવી રીતે અંબા માતા, દુર્ગા માતા અને કાલિકા માતાએ પોતાની શક્તિથી અનેક રાક્ષસોનો સંહાર કરી આ જગતનો ઉદ્ધાર કર્યો હતો, તેવી જ રીતે આ યુગમાં વીરાંગનાઓને જગતનો ઉદ્ધાર કરવા માટે સહભાગી બનવાનો અનુરોધ કર્યો હતો.

તેમણે કહ્યું કે, સ્ત્રી એ સમાજનું હૃદય છે. પરિવારના સંસ્કારોને લઈને સમાજના વિકાસ સુધી મહિલાઓનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ રહ્યુ છે. શિક્ષિત, સજાગ અને સંસ્કારી મહિલાઓ દ્વારા પરિવાર હંમેશા સુખી અને સંપન્ન બને છે અને આ જ પરિવાર દ્વારા એક સુખી સંપન્ન સંસ્કારીત સમાજનું નિર્માણ થતું હોય છે.



આ તકે લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ દ્વારા દીકરીઓને સર્વાઈકલ કેન્સર માંથી મુક્ત રાખવા માટે અને તેની રસી દીકરીઓને મુકાવવી, હોમ મેડ સેનેટરી નેપકિન્સ આપવા અને કોરોના જેવી મહામારી સમયે ત્રણ લાખ હોમ મેડ માસ્કનું વિતરણ, મફતમાં ટિફિન યોજના જેવી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

રિવાબા જાડેજાએ વધુમાં કહ્યું કે, સ્વામિનારાયણ ભગવાને વર્ષો પહેલા દીકરીઓને દૂધપીતી કરવા જેવા કુરિવાજો સામે ટકોર કરી સ્ત્રી શિક્ષણનો આગ્રહ રાખ્યો હતો. તેમણે ઉમેર્યું કે, "જો એક દીકરી ભણશે તો

અનુસંધાન પાના ૭ પર

## પલસાણા નહેરમાં તરતુ મૃત ભ્રુણ મળ્યું

**કડોદરા, તા.૨૩**

પલસાણા મેઘા પ્લાઝા ની સામે કણાવ થી ઈટાલવા તરફ જતી નહેરમાંથી મૃત હાલતમાં નવજાત ભ્રુણ મળી આવ્યું હતું પલસાણા મેગા પ્લાઝા તુલસી રેસિડેન્સીમાં રહેતા શમશેર સિંગે પલસાના પોલીસ ને જણાવ્યા મુજબ પલસાણા મેઘા પ્લાઝા ની સામે કનક શ્રી રેસીડેન્સી માં આવેલ હરદેવ પેલેસ ની બાજુમાં આવેલ કણાવ થી ઈટાલવા તરફ જતી નહેર ના વહેતા પાણીમાં કોઈ અજાણી વ્યક્તિ એ પોતાના બાળકના જન્મ છુપાવવા સારું નવજાત ભ્રુણને નહેર ના વહેતા પાણીમાં બિનવારસી મૃત હાલતમાં ત્યજી દેતા પલસાણા પોલીસે આ ઘટનામાં ભ્રુણનો નો કબજો મેળવી ધારા ધોરણ મુજબ ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ ચંદ્રદીપ ભાઈ કરી રહ્યા છે.

# સ્વચ્છ વાતાવરણને પગલે સુરતના તાપમાનમાં વધારો

## ફરી પાછો પારો ઉપર ચઢતા બપોરના સમયે આકરો તાપ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

સુરત શહેરમાં ગરમીનો પ્રભાવ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો છે. હાલ શહેરમાં મહત્તમ તાપમાન ૩૫.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૧.૮ ડિગ્રી સુધી રહ્યું છે. સાથે સાથે હવામાં ભેજનું પ્રમાણ ૬૧ ટકા સુધી પહોંચતાં ઉકળાટભર્યું વાતાવરણ સર્જાયું છે, જેના કારણે લોકો ગરમીનો ત્રાસ અનુભવવા લાગ્યા છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ હવે તાપમાનમાં સતત વધારો થવાની શરૂઆત થઈ ગઈ છે. ખાસ કરીને બપોરના સમયમાં તડકો વધુ તીવ્ર બનતો જાય છે, જેના કારણે રસ્તાઓ પર અવરજવર ઘટતી જોવા મળી રહી છે. લોકો તડકાથી બચવા માટે ઘરમાં જ રહેવાનું પસંદ કરી રહ્યા છે.

આગામી દિવસોમાં ગરમીનો પ્રકોપ વધુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એપ્રિલ મહિનાની શરૂઆતથી જ કાળઝાળ ગરમી પડવાની આગાહી કરવામાં આવી રહી છે. તાપમાન ૩૮ થી ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે, જેનાથી જનજીવન પર સીધી અસર થવાની સંભાવના છે.



**ફાયનાન્સ કંપનીના સીઆરએસ ફંડમાંથી જાહેર સુરક્ષા અર્થે નવી સિવિલ હોસ્પિટલ ગ્રાઉન્ડ ખાતે બાઈક તથઆ મોપેડ ચાલકોને એક હજાર હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. નિઃશુલ્ક હેલ્મેટ વિતરણ કાર્યક્રમમાં ટ્રાફિક પોલીસના અધિકારીઓ, નર્સિંગ સ્ટાફ એસો.ના આગેવાન ઈકબાલભાઈ કડીવાલા તથા અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.**

# ૧૬ વર્ષની સાવકી દીકરી પર આધેડનો વારંવાર બળાત્કાર

## અબુધ બાળકીનું ઘરમાં જ લાંબા સમયથી જાતિય શોષણ કરવામાં આવતું હતું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

સુરત શહેરના સુરતમાં એક ગંભીર અને ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જેમાં સગીર બાળકી સાથે લાંબા સમયથી શારીરિક શોષણ થતું હોવાનો ખુલાસો થયો છે. આ મામલે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ આરોપી શંભુજી સોમાજી ઠાકોર (ઉ.વ. ૪૩), હાલ રહે એંજન તથા મૂળ રહે ગામ અમીતપુર, તા. જી. પટના, પોતાની સાવકી દિકરી પર છેલ્લા પાંચથી સાત વર્ષથી અવારનવાર શારીરિક અડપલા કરતો હતો. ભોગબનનાર બાળકી હાલ ૧૬ વર્ષ ૪ મહિના ૧ દિવસની સગીર છે. આરોપીએ બાળકીની નાની વય અને અસમજનો લાભ લઈ તેને ડરાવી-ધમકાવી જબરજસ્તીથી શારીરિક સંબંધ બાંધ્યા હોવાની ફરિયાદમાં ઉલ્લેખ છે.

ફરીયાદ મુજબ, તાજેતરમાં પરિવારના સભ્યો પાટણ ખાતે લગ્ન પ્રસંગે ગયેલા હતા ત્યારે આરોપીએ મોડી રાત્રે ઘરમાં લાઈટ બંધ કરી બાળકી સાથે અશ્લીલ હરકતો કરી હતી. આ ઉપરાંત અગાઉ પણ અનેક વખત આવા કૃત્યો કરાયા હોવાનો આક્ષેપ છે. આરોપીએ ભોગબનનારને તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાની અથવા ઘરમાંથી કાઢી મુકવાની ધમકી આપતાં બાળકી ભયના કારણે લાંબા સમય સુધી ચૂપ રહી હતી.આખરે હિંમત કરીને ઘટનાની જાણ કરાતા તા. ૨૨/૦૩/૨૦૨૬ ના રોજ સાંજે ૧૯:૩૦ વાગ્યે ફરિયાદ નોંધાઈ છે. હાલ પોલીસ દ્વારા આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે અને વધુ તપાસ પો.સ.ઈ. શ્રી પી.પી. જાલોધરા દ્વારા ચાલી રહી છે. પોલીસે જણાવ્યું છે કે સગીર સાથે થયેલા આવા ગુનાઓમાં કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# ઈન્ડસ્ટ્રીઝને બલ્કમાં પેટ્રોલ-ડિઝલનું વેચાણ આઈઓસીએ બંધ કર્યુ

## ઓઈલ કંપનીઓ દ્વારા સપ્લાયમાં કાપ મુક્યો હોવાની ઉઠેલી ફરિયાદ

**અમદાવાદ, તા.૨૩**

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ક્રુડ સપ્લાયને માઠી અસર પડી છે.ત્યારે હવે ગુજરાતના પેટ્રોલ પંપ પર પણ તેની અસર દેખાવા લાગી છે. પેટ્રોલિયમ કંપની તરફથી પેટ્રોલ પંપને સપ્લાય થતા પેટ્રોલ-ડીઝલના જથ્થામાં ૫૦ ટકાનો કાપ મૂકી દેવામાં આવ્યો છે. એટલે કે, જે પેટ્રોલ પંપ પર દરરોજની ૪ ગાડી માલ આવતો હતો ત્યાં હવે બે જ આવે છે. સાથે સાથે પેટ્રોલ પંપ દ્વારા જે કન્ઝ્યુમરને બલ્ક સપ્લાય કરવામાં આવતી હતી તે પણ બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે જે ઉદ્યોગો બલ્કમાં માલ ખરીદતા હતા તેના કામકાજ પર અસર થવાની સ્થિતિ છે.

તો બીજી તરફ રાજકોટમાં પણ IOCના પંપને મળતી સપ્લાય ખોરવાતા ડીલર દ્વારા કંપનીને રજૂઆત કરવામાં આવી છે. જો કે, એસોસિએશન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજકોટમાં પેટ્રોલ-ડીઝલની કોઈ અછત નથી. જે સપ્લાય ખોરવાઈ છે તે રજાના કારણે ખોરવાઈ છે. જે આઠ દિવસમાં સામાન્ય થઈ જશે.

સુરતમાં છેલ્લા કેટલાક દિવસોથી પેટ્રોલ અને ડીઝલની અછત વર્તાઈ રહી છે. ઓઈલ કંપનીઓ દ્વારા સપ્લાયમાં અચાનક ઘટાડો કરવામાં આવ્યો છે. અગાઉ જે પેટ્રોલ પંપ પર દિવસની ત્રણ ગાડીઓ માલ ભરાતો હતો, ત્યાં હવે માત્ર એક કે દોઢ ગાડી જ માલ આપવામાં આવી રહ્યો છે. આ ઘટાડાને કારણે પંપ સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

ઈન્ડસ્ટ્રીયલ કન્ઝ્યુમર્સ પહેલા સીધો કંપની પાસેથી માલ ખરીદતા હતા, પરંતુ ભાવમાં અચાનક ૧૨ રૂપિયાનો તોતિંગ વધારો થતાં સમીકરણો બદલાયા છે. હવે આ કન્ઝ્યુમર્સ ડાયરેક્ટ કંપનીને બદલે પેટ્રોલ પંપ પરથી માલ લેવાનું વધુ

અનુસંધાન પાના ૭ પર

# વિયરકમ કોઝવે ખાતે ચૈત્રી સૂર્ય છઠ પૂજાનું ભવ્ય આયોજન

## બિહાર વિકાસ મંડળ દ્વારા મંગળવારે સાંજે સૂર્યપૂજા ઉત્સવ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

ચૈત્રી નવરાત્રીના છઠ્ઠા દિવસે ખૂબ જ ધામધૂમ અને ઉત્સાહથી ઉજવવામાં આવતો, ચૈત્રી સૂર્ય ઉપાસના (સૂર્ય પૂજા)નો ભવ્ય તહેવાર ૨૩ માર્ચ, ૨૦૨૬ ના રોજ શરૂ થયો. આ ઉત્તરપૂર્વીય રાજ્યોના હિન્દુઓ દ્વારા ઉજવવામાં આવતો એક અનોખો તહેવાર છે, જે વર્ષમાં બે વાર અસ્ત થતા સૂર્યને પ્રથમ પૂજા કરવાની પ્રથા દ્વારા અલગ પડે છે. ૨૪ માર્ચ, ૨૦૨૬, મંગળવારની સાંજે, અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય (ધાર્મિક જળ અર્પણ) અર્પણ કરવામાં આવશે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી બિહાર વિકાસ મંડળ દ્વારા છઠ પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. તાપી નદીના કિનારે આવેલા વીર-કમ-કોઝવે ઘાટ પર ચૈત્રી છઠ પૂજાની ઉજવણીમાં ચમકતી રોશની, વિસ્તૃત પંડાલો (માર્કી), ભવ્ય સ્ટેજ અને ચૈત ભોજપુરી સંગીતના જીવંત સાંસ્કૃતિક અવાજો જોવા મળશે. સતત ૨૬ વર્ષથી, બિહાર, ઝારખંડ અને ઉત્તરપૂર્વીય ઉત્તર પ્રદેશના રહેવાસીઓ - જે હવે આ મહાનગરમાં સ્થાયી થયા છે - "હિન્દુ નવા વર્ષનો સ્નેહનો સંગમ" સાથે ચૈત્રી છઠ ઉત્સવ ઉજવી રહ્યા છે.



**સુરતના સિંગણપોર સ્થિત વીયર કમ કોઝવે ખાતે બિહાર વિકાસ મંડળ દ્વારા ચૈત્રી છઠ પૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે મંગળવારે સાંજે અસ્ત થતા સૂર્ય દેવને અર્ધ્ય અર્પણ કરી સૂર્યદેવની પૂજા કરવામાં આવશે.**